સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

મે–જૂન, ૨૦૧૯ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/–



**માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...**

શ્રીજીમહારાજના સંસર્ગમાં આવેલ પશુ-પ્રાણીઓ : લેખમાળા શ્રેણી અંતર્ગત **'ભગવાન શ્રી સ્વામિનારાયણ અને માણકી ઘોડી'**




વડતાલ પ્રદેશના **ત્રાલસા** (તા. ભરુચ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી **પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ **શ્રી સ્વામિનારાયણ મંદિર**નો **રજત જયંતિ મહોત્સવ** તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૨૧ થી ૨૭-૪-૨૦૧૯)




**જૂનાગઢધામ**ને આંગણે સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** સ્થાપિત **શ્રી રાધારમણ દેવ** આદિ દેવોનો **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદથી **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી** તથા ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ **૧૯૧મો વાર્ષિક પાટોત્સવ** તથા **સત્સંગ સભા** પ્રસંગે ઉપસ્થિત નવનિયુક્ત ચુંટાયેલા ટેમ્પલ બોર્ડના ટ્રસ્ટી સભ્યો તથા નવનિયુક્ત મહંત પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી.









ગઢપુર પ્રદેશના ઠાંસા (તા. ગારીયાધાર) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.








ગઢપુર પ્રદેશના પાટી (તા. ગઢડા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.









જૂનાગઢ પ્રદેશના મોટા ગોખરવાળા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ નૂતન મહિલા મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.








જૂનાગઢ પ્રદેશના મોટા બારમણ ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ નૂતન શ્રી ગંગેશ્વર શિવમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.












**સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી મુંગા પશુ-પક્ષીઓના લાભાર્થે પ્રેમાળ જીવદયા ટ્રસ્ટ દ્વારા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ શ્રીમદ્ ભાગવત મોક્ષગાથા (તા. ૫ થી ૧૧-૫-૨૦૧૯)**






**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન હરિમંદિરો - ભાયાવદર, નાની મોણપરી, જૂની હળિયાદ વગેરે ગામોમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ.**







અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

# સ્વામિનારાયણ ચિંતન


પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૭ । અંક :- ૪/૫ । તારીખ :- ૨૦ જૂન, ૨૦૧૯

**પ્રસિદ્ધ કર્તા**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**મું. સરધાર, તા.જી. રાજકોટ**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ : $ 200 U.S.A., £ 125 U.K.*

છબીકલા : મીત બોરડ – મો. ૭૦૪૮૧ ૨૯૫૬૨

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.



લવાજમદર અંગે
ગ્રાહક પત્ર વ્યવહાર

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com


## વચનામૃત વિષે મૂર્ધન્ય સાહિત્યકાર વિદ્વાનોના અલૌકિક અભિપ્રાયો

"વચનામૃત એક અનુપમ ગ્રંથ છે. સાક્ષાત્કાર તો થયો, પણ સાક્ષાત્કારનો રસ્તો સરળ કે વિકટ - જેવો છે તેવો, સ્પષ્ટ રીતે કહેનાર ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. (ગ્રંથની) સરળતા, એની સ્પષ્ટતા, એમાંની તર્કબદ્ધ રજૂઆત વાચકને મુગ્ધ કરી દે છે; હૈયા સોંસરવી એ ઊતરી જાય છે. મનુષ્યના મનમાં જે જે શંકા ઉદ્ભવે એનું ત્યાં જ સમાધાન અને એ એટલું સંતોષકારક હોય છે કે પછી ક્યાંય સંશયને સ્થાન રહેતું નથી... અનેક વિકટ અને ગૂઢ લાગતા વિષયોનું પાકું અને સરળ સ્પષ્ટીકરણ... ટૂંકમાં, મહાત્મા ગાંધીજી રાજકારણમાં પડેલી વ્યક્તિ હતી છતાં એમને સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને બેસાડ્યા, એમ જ, એના કરતા પણ વધારે હક્ક-દરજ્જાથી આજે હયાત હોય, તો ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને બિરાજમાન કર્યા હોત, અને એમની પાસેથી અત્યંત, ઉચ્ચ પ્રકારની સાહિત્યની વ્યાખ્યા આપણે પામ્યા હોત, અને એમ આપણે એક સેવાકાર્ય અને ધર્મકાર્ય પણ કરવાનો સંતોષ લીધો હોત... લેખનકલા સિદ્ધ કરવા માટે કોઈ પણ ઊગતા લેખકે બીજાનાં ગદ્ય વાંચવા ઘટે, એમ જ, 'વચનામૃત'નું ગદ્ય અભ્યાસ માટે પણ ફરી ફરી વાંચવું ઘટે..."

– **ચંદ્રવદન ચી. મહેતા (સાહિત્યકાર)**

"વચનામૃત માટે આલંકારિક ઉક્તિમાં કહેવું હોય તો કહી શકાય કે ઓગણસમી સદીની ગુજરાતીની ગીતા છે આ."

– **રઘુવીર ચૌધરી (વરિષ્ઠ પત્રકાર તથા સાહિત્યકાર)**

"વચનામૃતનો ગ્રંથ ગુજરાતી ગદ્યસિદ્ધિનું એક શિખર છે."

– **ઉમાશંકર જોષી (સાહિત્યકાર)**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | ભગવાન શ્રી સ્વામિનારાયણ અને માણકી ઘોડી | ૦૬ |
| ૦૨ | ભગવાન શ્રી સ્વામિનારાયણના માણકી ઘોડી સાથેના અનેક લીલાપ્રસંગો | ૧૮ |
| ૦૩ | સત્સંગ સમાચાર પત્રિકા | ૩૦ |



હમારા લક્ષ્ય – વિશ્વ કા કલ્યાણ હો...
લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



## શ્રીજીમહારાજના સંસર્ગમાં આવેલ પશુ-પ્રાણીઓ : લેખમાળા શ્રેણી અંતર્ગત

# ભગવાન શ્રી સ્વામિનારાયણ અને માણકી ઘોડી

લેખાંક - ૧

**માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...**

મનુષ્યને ભગવાને બનાવ્યો તેમ પશુઓને પણ ભગવાને બનાવ્યા છે. તેથી જ **વેદો** કહે છે : 'पशूंस्तांश्चक्रे वायव्यानारण्या ग्राम्याश्च ये ।' પરંતુ કુબુદ્ધિજનોએ આનો વિપરીત અર્થ કર્યો કે **'Inferior creatures are meant for superior creatures.'** આ પશુ-પંખી-પ્રાણીઓ ઊતરતી કક્ષાના છે. અને ભગવાને આપણા માનવ માટે જ બનાવ્યા છે. તેને મારીને ખાવામાં કંઈ પાપ નથી. પણ એ **ભારતીય સંસ્કૃતિ**ની સમજણ નથી.

શ્રીમદ્ **ભગવદ્ ગીતા** કહે છે : 'विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि । शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ।।' - જ્ઞાન દ્વારા જેમના પાપ શમી ગયાં છે એવા જ્ઞાનીજનો વિનયી બ્રાહ્મણ તથા ચાંડાલમાં, ગાય અને કૂતરામાં તથા હાથીમાં સમાન દૃષ્ટિ રાખે છે.

આ ભગવદ્ ગીતાના કથન અનુસાર આપણે તો બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો, ચાંડાલ - આ બધામાં સમ જેનું નામ છે તેવા પરમાત્માને જ જોઈએ છીએ. એકવખત નામદેવ ખીચડી રાંધીને બેઠા હતા. ત્યાં એક કૂતરું ખીચડીનું પાત્ર લઈને ભાગ્યું. નામદેવ ઘીની વાઢી લઈને કૂતરા પાછળ દોડતા જાય અને બોલતા જાય : 'અરે ભગવાન ! તમે આ ઘી તો લેતા જાવ !'

બીજાને ભોગે જીવવું તે **રાક્ષસી સંસ્કૃતિ** છે. બીજાના માટે જીવવું તે **દૈવી સંસ્કૃતિ** છે. આપણી ભારતીય સંસ્કૃતિ એક અદ્વિતીય દૈવી સંસ્કૃતિ છે. અનાજનો એક કોળિયો આપણા મોઢા સુધી આવે છે તેમાં કેટકટલાં તત્ત્વોનો સહકાર છે ! પૃથ્વી, સૂર્ય, પવન, વરસાદ, બળદ આદિ મૂંગા પશુઓ, ગાડું, ખેડૂત, પક્ષીઓ, મજૂર, વેપારી, ઘંટી, રસોઈ કરનાર, પીરસનાર વગેરે જડ-ચેતન સૃષ્ટિનો આ કોળિયામાં **સહકાર** છે. અરે ! સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુઓનો પણ સહકાર છે. જીવાણુઓ હવામાંથી નાઈટ્રોજન લઈને ખેતીને **સમૃદ્ધ** બનાવે છે.

સાહિત્ય તથા કેળવણીકાર કાકાસાહેબ કાલેલકરે ભારતીય સંસ્કૃતિનું એક **શબ્દચિત્ર** દર્શાવ્યું છે. ઝૂંપડી અને બાજુમાં ઊભેલી ગાય. ઝૂંપડી એટલે ઝૂંપડીમાં રહેનારો માનવ. ગાય એટલે પશુ. આનો અર્થ એ કે અમે માનવ અને પશુ એકબીજાને સથવારે જીવીએ છીએ. તેમણે સાથે સાથે પશ્ચિમી સંસ્કૃતિનું પણ શબ્દચિત્ર બતાવ્યું છે. હોટ ડોગ્ઝ(માંસ)ની પ્લેટ અને બાજુમાં કોકાકોલાની બૉટલ. એટલે પશુને મારીને તેને ખાઈ જઈને અમે વિલાસથી

જીવીએ. કેવી રાક્ષસી સમજણ !!

જેનો આપણા કોળિયામાં સહકાર છે, તેના પ્રતિ ઋણ અદા કરવું તે આપણી વ્યાવહારિક અને નૈતિક ફરજ છે. આ સમજણને લઈને દરેક હિન્દુ પોતાના મોઢામાં કોળિયો મૂકતાં પહેલા ગોગ્રાસ અને શ્વાનગ્રાસ કાઢે છે. માનવજીવનમાં પશુપંખી આદિ જીવન-સૃષ્ટિનો મોટો સહકાર છે. એમના વગર મનુષ્ય જીવન શક્ય નથી. માટે જે પોષક ને સહાયક હોય તેની રક્ષા કરવી, તેનું નામ **ભૂતયજ્ઞ** છે. એટલે કબૂતરોને ચણ નાખવી, કીડીઓના રાફડા ઉપર દળેલું અનાજ ભભરાવવું, અવેડા બંધાવવા, આ બધું ભારતીય સંસ્કૃતિના અંગરૂપ બન્યું છે.

ભારતના બંધારણની ૨૧મી કલમમાં દેશમાં રહેતા તમામ મનુષ્યોના પોતાનું જીવન ટકાવી રાખવાના અધિકારને મૂળભૂત અધિકાર માનવામાં આવ્યો છે. ઉત્તરાખંડ **હાઈકોર્ટ**ના ન્યાયધીશોએ ઠરાવ્યું છે કે આ વ્યાખ્યામાં પશુઓનો પણ સમાવેશ થઈ જાય છે. માટે હવે જો કોઈ વ્યક્તિ કોઈપણ પશુની હત્યા કરશે તો તેના પર હત્યાનો ગુનો દાખલ કરી શકાશે. ઉત્તરાખંડ હાઈકોર્ટનો **ચુકાદો** કહે છે કે સર્વ પ્રાણીઓની રક્ષા થાય અને તેમના કલ્યાણની યોજનાઓ ઘડવામાં આવે તે માટે તેમને જીવંત વ્યક્તિનો દરજ્જો આપવો જરૂરી છે. હાઈકોર્ટે પોતાના ચુકાદાના સમર્થનમાં વર્ષ ૨૦૧૪નો **સુપ્રીમ કોર્ટ**નો ચુકાદો ટાંક્યો છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે બંધારણની ૨૧મી કલમમાં જે જીવન ટકાવી રાખવાની વાત કરવામાં આવી છે તે જીવસૃષ્ટિની રક્ષા કર્યા વિના સંભવિત નથી.

ઉત્તરાખંડ હાઈકોર્ટના બે ન્યાયધીશોએ પોતાના ચુકાદામાં **ભારત**ના **બંધારણ**ની ૫૧-એ નંબરની કલમ પણ ટાંકી છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતના તમામ નાગરિકોની મૂળભૂત ફરત તમામ જીવો માટે **દયાભાવના** રાખવાની છે. ભારતનાં બંધારણની ૪૮મી કલમ મુજબ પશુઓની રક્ષા કરવી અને તેમનો વૈજ્ઞાનિક ઢબે **ઉછેર** કરવો તેને પણ સરકારની **જવાબદારી** ગણાવવામાં આવી છે.

ઉત્તરાખંડ હાઈકોર્ટના ન્યાયધીશોએ પોતાના ચુકાદામાં ભગવાન મહાવીર, ગૌતમ બુદ્ધ, વેદો અને ઉપનિષદો ઉપરાંત પશ્ચિમના વિચારકોને પણ ટાંક્યા છે. દરેક પ્રાણીનો સંબંધ ધાર્મિક કથાઓ સાથે જોડાયેલો છે. ઋગ્વેદમાં લખવામાં આવ્યું છે કે ભોજન માટે પણ પશુનું માંસ ન ખાવું જોઈએ પણ તેનું દૂધ જ પીવું જોઈએ. યજુર્વેદમાં લખ્યું છે કે પ્રાણીઓની સેવા કરનારને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. મુંડકોપનિષદમાં લખવામાં આવ્યું છે કે મનુષ્યની જેમ બધાં પ્રાણીઓનું સર્જન પરમાત્માએ કર્યું છે, માટે કોઈની હિંસા કરવી ન જોઈએ. મનુસ્મૃતિમાં લખ્યું છે કે જેઓ પોતાના પ્રમોદ માટે પ્રાણીઓને પીડા આપે છે તેઓ જિંદગીમાં કે મરણ વખતે પણ સુખી થતા નથી. **શ્રીમદ્ ભાગવત**માં લખ્યું છે કે જે વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે પશુની હત્યા કરે છે તેને **મૃત્યુદંડ** આપવો જોઈએ. **યાજ્ઞવલ્કય સ્મૃતિ**માં લખવામાં આવ્યું છે કે જે મનુષ્ય પ્રાણીની હત્યા કરે છે તેણે પ્રાણીના શરીર પર જેટલા વાળ હોય તેટલા દિવસ નર્કમાં રહેવું પડે છે.

નૈતિક દૃષ્ટિએ જોઈએ તોપણ પશુ-પ્રાણીઓનું જીવન **આદર્શ** છે. લોકો ગુસ્સો કરે ત્યારે માણસને બળદિયો કે ગધેડો કહે છે. પણ આ પશુઓને વાચા હોત તો તેઓ માણસને જરૂર સંભળાવી દેત કે 'હે માનવ ! મેં જિંદગીમાં દારૂને મોઢે અડાડ્યો નથી. તમાકુનું તો પાંદડુંય સૂંઘ્યું નથી. ડિસ્કોબારમાંય ગયો નથી. કાળાબજાર કે અવળા ધંધા કર્યા નથી. તું માનવને મારી ઉપમા આપી મારું અપમાન કાં કરે ?' પશુ-પ્રાણીઓની માનવ પ્રત્યેની વફાદારી પણ અનુકરણીય છે. એટલે જ તો ભગવાન દત્તાત્રેયે કૂતરામાંથીય **ગુણ** લીધો છે.

એક **માણસ** જંગલમાં જતો હતો. તેની પાછળ **સિંહ** પડ્યો. એટલે તે એક ઝાડ ઉપર ચડી ગયો. સિંહ નીચે આંટા મારવા લાગ્યો કે આ માણસ ઊતરે એટલે તેને ખાઈ જવો. ઝાડ ઉપર એક **વાંદરો** પણ હતો. તેને પણ સિંહનો ડર હતો. એટલે વાંદરાએ અને માણસે મિત્રતા કરી. રાત પડી છતાં સિંહ તો ગયો નહિ. આ બંનેને ઊંઘ આવતી હતી. તેથી તેમણે વારા કર્યા. પહેલા માણસ સૂઈ ગયો અને વાંદરો જાગતો રહ્યો. માણસ ઊંઘી ગયો એટલે સિંહે વાંદરાને કહ્યું : "તું આ માણસને ધક્કો મારી દે. એટલે તેને હું ખાઈને જતો રહીશ. તને કાંઈ નહિ કરું."

વાંદરાએ સ્પષ્ટ ના પાડી : "હું એવી બેવફાઈ નહિ કરું."

પછી વાંદરાને સૂવાનો વારો આવ્યો. વાંદરો ઊંઘી ગયો. પછી સિંહે વાંદરાને જેવી વાત કરેલી તેવી વાત માણસને પણ કરી. માણસ તરત જ તૈયાર થઈ ગયો. માણસે વાંદરાને ધક્કો માર્યો. પણ વાંદરો તરત જાગી ગયો અને નીચેની ડાળ પકડી લીધી. તે બચી ગયો. પછી ઉપર આવીને માણસની બોચી પકડીને બોલ્યો : "આજે તો હું તને જવા દઉં છું પણ હવે પછીથી કોઈ દિવસ વાત કરતો નહિ કે માણસ વાંદરામાંથી આવ્યો છે !"

માણસ પોતાની **નૈતિકતા** ચૂકશે પણ પશુ નહિ ચૂકે. પશુઓની આપણા રોજિંદા જીવનમાં ઘણી **ઉપયોગિતા** છે. હજુ સુધી એવી મશીનરી શોધાઈ નથી કે એકબાજુ ઘાસ

નાખીએ અને બીજીબાજુ દૂધ મળે ! પશુઓ જ દૂધ આપે છે. લાખો ખેડૂતો અને માલધારીઓ ઢોર ઉપર જ જીવે છે. ઢોર મર્યા પછી પણ હાડકાં અને ચામડાં આપે છે. આપણા ઋષિમુનિઓ આવા પશુઓના ઉપકારો જાણીને કહે છે કે, 'गावः (पशवः) विश्वस्य मातरः' - 'સમગ્ર વિશ્વના પોષક એવા પશુઓને માતાતુલ્ય છે.' એટલે જેના જીવનથી ઘણાનું જીવન છે તેને જિવાડવા જોઈએ. ભગવાને પણ પશુ યોનિમાં અવતારો ધરી આ યોનિનું ગૌરવ વધાર્યું છે. ધર્મરાજા તો કૂતરાને છેક સ્વર્ગ સુધી લઈ ગયા હતા. ભગવાનના અવતારોએ અને દેવોએ ઘણાં પશુઓને પોતાના વાહન તરીકે સ્વીકાર્યા છે. જેમ કે - ભગવાન શંકરનો નંદી (બળદ), ગણપતિજીનો ઉંદર, ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડી વગેરે વગેરે. ભગવાનનું વાહન પશુ.

ભગવાન એટલે ધર્મ અને ધર્મ એટલે સંસ્કૃતિ. એટલે સંસ્કૃતિનું વાહન પશુ થયું. જો પશુ ગયા તો સંસ્કૃતિ ગઈ અને એટલે માનવ પણ ગયો. એટલા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ સારંગપુરમાં પશુ-પ્રાણીઓને બચાવવા મોભને પોતાના ખભા ઉપર રાખી વરસતા વરસાદમાં મધરાત્રિથી વહેલી પ્રભાતકાળે વરસાદ બંધ થયો ત્યાં સુધી ખડે પગે મોભ ઊંચો રાખીને ઊભા રહ્યા હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાતમાં ઠેર ઠેર **હિંસક યજ્ઞો** બંધ કરાવ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે સમગ્ર ભારત દેશમાં વિચરણ સમયે જોયું કે, ધર્મના નામ ઉપર હિંસામય યજ્ઞો થતા હતા અને દેવતાઓની સમક્ષ પ્રાણીઓની બલિ અપાતી હતી. યજ્ઞ જેવી પવિત્ર વિધિઓમાં પણ વિપુલ માત્રામાં પશુઓની હિંસા થતી હતી. આ કરુણ દૃશ્ય જોઈને દયામૂર્તિ ભગવાન શ્રીહરિએ હિંસાનો વિરોધ કર્યો. શ્રીજીમહારાજે ઘોષણા કરી કે, "દેવી-દેવતાઓની સમક્ષ, યજ્ઞોમાં અને પોતાના ઘરોમાં કે બહાર પશુ-પક્ષીઓને મારવા અને તેનું માંસ ખાવું એ **મહાપાપ** છે અને **વેદ વિરુદ્ધ** પણ છે. માતા સમાન દયાળુ વેદોનું તાત્પર્ય હિંસા અને સુરાપાનમાં ક્યારેય ન હોઈ શકે."

પ્રાણીઓનો વધ કરવો, માંસ ભક્ષણ કરવું આ માનવસમાજની પરંપરાથી વિરુદ્ધ છે. તમામ નાના-મોટા પ્રાણીઓને જીવન જીવવાનો **અધિકાર** છે. સૃષ્ટિકર્તા ભગવાને માનવ માટે સાત્ત્વિક અને અનેક પ્રકારના ધાન્ય-ફળો આદિ ઉત્પન્ન કર્યાં છે. તેના દ્વારા યજ્ઞાદિ અને ભોજન કરવું જોઈએ. વેદોમાં હિંસામય યજ્ઞોનું જે વિધાન જોવામાં આવે છે તે રાજસ-તામસ પ્રકૃતિવાળા મનુષ્યો સહજરૂપે રોજ જે હિંસા કરે છે, તેને નિયંત્રિત કરવા માટે છે. વાસ્તવમાં વેદોનું તાત્પર્ય હિંસામાં નથી, પરંતુ હિંસાની નિવૃત્તિમાં જ છે.

ઘણા રાગપ્રધાન અને અણસમજુ લોકોએ ભગવાન શ્રીહરિનો વિરોધ કર્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એના સંપ્રદાયને અવૈદિક ઘોષિત કરવાના પ્રયત્નો કર્યા. અનેક શાસ્ત્રાર્થ પણ થયા, તેમ છતાં બ્રાહ્મણોના રોષને વેઠીને પણ ભગવાન શ્રીહરિએ એ કાર્ય કર્યું. શ્રીજીમહારાજે યજ્ઞોમાં થતી પશુહિંસાને દૂર કરવા માટે તથાગત બુદ્ધથી કંઈક અલગ જ માર્ગ પસંદ કર્યો. ભગવાન શ્રીહરિએ યજ્ઞ અને દેવી-દેવતાઓના નામથી થતી હિંસા અને સુરાપાનનો વિરોધ કર્યો, પરંતુ સાથે વૈદિક સનાતન ધર્મની રક્ષા પણ કરી. સાથે સાથે ભગવાન શ્રીહરિએ મોટા-મોટા યજ્ઞો કરવાનું નિર્ધાર્યું. પીપલાણા, જેતલપુર, ડભાણ વગેરે ગામોમાં **અહિંસાત્મક યજ્ઞો** કરી સમાજમાં અહિંસક યજ્ઞોનું પ્રસ્થાપન કર્યું.

પશુઓને સારી રીતે પાલન કરી શકાય તે માટે પોતાના આશ્રિતજનોને ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીના ૧૪૧માં શ્લોકમાં કહે છે : 'यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ।।' - અને જેના ઘરમાં પશુ હોય તેવા ગૃહસ્થોએ પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય પૂળાનો પણ સંગ્રહ કરવો. વળી, ૧૪૨માં શ્લોકમાં કહે છે : 'गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि । सम्भावनं भवेत् स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ।।' - અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ (ઘાસ) જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવા અને જો સંભાવના ન થાય તો ન રાખવા.

આ શ્લોકનો અર્થ કરતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી 'શિક્ષાપત્રી અર્થદીપિકા ટીકા'માં કહે છે : "પોતાના પશુઓને બરાબર પાળી શકાય તે માટે પશુઓને સમય પ્રમાણે પાણી પાવું, તેમને બાંધવાના સ્થાન વગેરેની કાળજી દરરોજ સમય પ્રમાણે રાખવી અને પશુઓને પોતાને સંતોષ થાય તે રીતે પોતાને ઘેર રાખવાં, અને જો ન પાળી શકાય તો બીજો જે પાલન કરતો હોય તેને આપવાં. અને જો ભૂખ્યાં તરસ્યાં

"પોતાના પશુઓને બરાબર પાળી શકાય તે માટે પશુઓને સમય પ્રમાણે પાણી પાવું, તેમને બાંધવાના સ્થાન વગેરેની કાળજી દરરોજ સમય પ્રમાણે રાખવી અને પશુઓને પોતાને સંતોષ થાય તે રીતે પોતાને ઘેર રાખવાં, અને જો ન પાળી શકાય તો બીજો જે પાલન કરતો હોય તેને આપવાં"

શિક્ષાપત્રી અર્થદીપિકા ટીકા : શ્લોક - ૧૪૨

પશુઓને બાંધી રાખેલાં હોય તો ગૃહસ્થને મહાન અનર્થની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં એક **સ્મૃતિ વાક્ય** સાક્ષી આપે છે : 'ક્ષુધાતૃષાતીવ્રદંશવિષમસ્થાનસીદતામ્ । પશૂનામેવ નિઃશ્વાસૈર્ન્નાદ્ધિઃ સર્વાઽપિ નશ્યતિ ।।' આ સ્મૃતિવાક્યનો એ **અર્થ** છે કે - પશુઓ ભૂખ્યાં થયેલાં હોય, તરસ્યાં થયેલાં હોય અને માંખીઓ તીવ્રદંશો મારતી હોય તેમ છતાં પણ કીચડમાં જો બાંધી રાખેલા હોય તો એ પશુના નિઃસાસાથી ગૃહસ્થની સર્વે સંપત્તિનો નાશ થઈ જાય છે. અને પૂર્વના સર્વે પુણ્યનો નાશ થઈ જાય છે. માટે પોતાથી પશુઓની જો બરાબર સંભાળ રાખી શકાય તો જ પશુઓને પોતાના ઘરમાં રાખવાં. નહિ તો રાખવાં નહિ.'' અને ભાષ્યકાર **શતાનંદ સ્વામી** કહે છે કે, ''પોપટ આદિક પક્ષીઓ પાળેલા હોય તો એમની પણ સમય-સમયને અનુસારે અન્નના દાણા તથા જળ વડે જો સંભાળ રાખી શકાય તો જ પક્ષીઓને પાળવાં, નહિ તો પાળવાં નહિ.''

ધરતી મબલખ પ્રમાણમાં પૌષ્ટિક ધાન્યો આપે છે. છતાં માણસ આજે નિર્દોષ પશુઓની હિંસા કરીને તેનું માંસ ખાય છે. આ જંગલી સંસ્કૃતિનો આજે આધુનિક યુગમાં ઘણો વિસ્તાર છે. આખી દુનિયામાં એક મિનિટમાં ત્રણ હજાર ટન માંસનું ઉત્પાદન થાય છે. આશ્ચર્ય તો એ છે કે કેટલાક (ખ્રીસ્તી જેવા) જગત્પ્રસિદ્ધ ધર્મો પણ માંસાહાર અને દારુની છૂટ મૂકે છે ! ત્યારે...

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં માણસની જેમ જીવજંતુ અને પ્રાણીઓ-પંખીઓની પણ **ચિંતા** કરી છે. પ્રાણીઓની હિંસા કરીને તેનું માંસ ખાતા લોકોને તેમણે **લાલબત્તી** ધરી છે. શિક્ષાપત્રીમાં તેઓએ સૌને આજ્ઞા કરી છે કે :- 'न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् ।' - 'અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું.' (શ્લોક - ૧૫)

ભગવાનનો રીઝવવા થતા યજ્ઞોની પરંપરા વૈદિક યુગથી ભારતમાં ચાલી આવી છે. પરંતુ તેમાં પણ એક ભક્તિના ભાગરૂપે ભળી ગયેલો પશુ-બલિ ચઢાવવાનો **ક્રૂર રિવાજ,** લાખો અબોલ પશુઓને ભરખી ગયો હતો. યજ્ઞના નામે ચાલતી માંસાહારની એ વિકૃત પ્રથાને સૌપ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પડકારી. આ એ યુગ હતો, જ્યારે રાજા-મહારાજાઓથી માંડીને બ્રાહ્મણો અને ધર્મગુરુ સુધ્ધાં હિંસામય યજ્ઞના ઈશ્કી હતા. પરંતુ તે સમયે પણ તમામ પ્રાણીઓની રક્ષા કરનારા ભગવાન શ્રીહરિએ સૌપ્રથમ પહેલ કરી, અહિંસામય યજ્ઞની ને માંસાહાર વિરુદ્ધ શાકાહારની ! ભુજના દીવાન જગજીવન સેંકડો પશુઓનો બલિ ચઢાવતો યજ્ઞ માંડીને બેઠા હતા, ત્યાં રૂબરૂ જઈને જાતનું જોખમ વહોરી લઈને પણ શ્રીજીમહારાજે એ ક્રૂરતાને રોકવાની **અનન્ય હિંમત** દાખવી. અમદાવાદના મરાઠા સૂબા વિઠ્ઠલરાવ બાલાજીએ તો ભગવાન શ્રીહરિને મારી નાંખવાના કાવતરાં રચ્યાં, તોપણ એમણે અહિંસામય યજ્ઞનો જોરશોરથી પ્રચાર કર્યો. પોતે મહાન અહિંસામય યજ્ઞોનું આયોજન કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણે સામાન્ય પ્રજાથી લઈને બ્રાહ્મણો સુધી સૌને શિક્ષિત અને દીક્ષિત કર્યા, વેદમંત્રોના **સાચા રહસ્યો** સમજાવ્યાં.

અધર્મની વિકૃતિઓથી પીડાતા તત્કાલીન સમાજનો આંખે દેખ્યો અહેવાલ આપતા સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** લખે છે :

'કહે દેવ પિતૃના શ્રાદ્ધમાં, મદ્ય માંસ જેવું કાંઈ નથી;
જો ઈચ્છો અચિરફળ પામવા, તો પૂજજ્યો સહુ એહથી.
ધર્મની ઓટ્ય લઈ અધર્મી, ધિરવી ધન નારી હરે;
શાસ્ત્રના અર્થ ફેરવી, પ્રેરે જેમ પોતે કરે.
દ્વિજકુળે જેણે તન ધર્યાં, તે મકાર માહાત્મ્ય કહે કથી;
મદ્ય માંસ મૈથુન જેવું, કલ્યાણ અર્થે કોઈ નથી.'

સ્વાદ માટે કે યજ્ઞ જેવી ધાર્મિક વિધિઓના નામે બકરાં, ભૂંડ, મરઘાં, ગાય વગેરે પ્રાણીઓની ક્રૂરતાપૂર્વક હત્યા કરતા માનવીને તે પશુમાંથી માનવ બને તેવી પ્રેરણા આ બીજું વર્તમાન **'માંસ ન ખાવું'** તેમાં આપી છે. માંસને પ્રસાદ સમજી ગ્રહણ કરતા લોકોને તેઓએ એ અજ્ઞાનદશામાંથી બહાર કાઢ્યા છે. **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ઐતિહાસિક સમાલોચના'** વ્યાખ્યાન પર ગુજરાત સાહિત્ય સંમેલનના ૧૨મા અધિવેશનમાં શ્રી ત્રિભુવનભાઈ વ્યાસે કહ્યું હતું કે, 'મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાં પ્રીતિભોજન માટે એકત્ર કરેલું **૬૦ મણ માંસ** મહાજને કઢાવ્યું હતું.'

જ્યાં જીવપ્રાણી માત્ર માટે પણ દયા રાખવાની આજ્ઞા કરવામાં આવી હોય, 'सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः । सर्वे भद्राणि पश्यन्तु

> ''પશુઓ ભૂખ્યાં થયેલાં હોય, તરસ્યાં થયેલાં હોય અને માંખીઓ તીવ્રદંશો મારતી હોય તેમ છતાં પણ કીચડમાં જો બાંધી રાખેલા હોય તો એ પશુના નિઃસાસાથી ગૃહસ્થની સર્વે સંપત્તિનો નાશ થઈ જાય છે. અને પૂર્વના સર્વે પુણ્યનો નાશ થઈ જાય છે. માટે પોતાથી પશુઓની જો બરાબર સંભાળ રાખી શકાય તો જ પશુઓને પોતાના ઘરમાં રાખવાં''
> શિક્ષાપત્રી અર્થદીપિકા ટીકા : શ્લોક - ૧૪૨

मा कश्चिद्दुःखभाग्भवेत् ।।'ના સિદ્ધાંતથી સર્વજીવ પ્રાણી માત્ર માટે મંગળ કામના કરવામાં આવી હોય નિર્ભયતા પ્રદાન કરવામાં આવી હોય તો ભગવાન શ્રી સ્વામિનારાયણ **શિક્ષાપત્રી**માં કહે છે : 'कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः । सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ।।' - અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવપ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥ दैवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् । न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ।।'-અને દેવતા અને પિતૃ એના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૧૨॥

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આધારભૂત ધર્મનિરૂપક-સિદ્ધાંત શાસ્ત્ર **'શ્રી સત્સંગિજીવન'**માં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિ અને શિવરામ વિપ્રના સંવાદે કરીને પંચમ પ્રકરણના ૧૫મા અધ્યાયમાં 'ગૃહસ્થોને પશુઓ પ્રત્યે રાખવાની જાળવણી'નું વર્ણન કરતાં લખે છે :

"લંગડો, અપંગ, પૂર્વે થયેલા રોગાદિથી બળે રહિત, શ્રમયુક્ત, ભ્રમિત રોગવાળો, ભૂખ્યો, ભૂખથી સૂકાયેલા અંગવાળો અને વૃદ્ધ તથા અંધ એવા બળદિયાને ખેતીકાર્યમાં જોડે નહિ. દઢ શરીરવાળો, રોગે રહિત, તૃપ્ત થયેલો, અંડે સહિત, બળયુક્ત, પુષ્ટ અંગવાળો, યુવાન હોય એવા બળદને દ્વિજ ખેતી કરવાના ઉપયોગમાં લે. અર્ધા દિવસ સુધી વહન કરાવે, પછી સ્નાનાદિ કરે, હળ, ધૂંસરું, જોતરાં વગેરે અંગો શાસ્ત્રોક્ત માપથી વાપરે. બૃહદ્ પરાશરે કહેલા પ્રમાણથી ઓછું અથવા વધારે કંઈ પણ હળ વગેરે કરવું નહિ. ક્રોધથી નિર્દય થઈને બળદિયાને પરોણા વગેરેથી વ્યથા પમાડવી નહીં. ગાયો વનમાં સૂકાં તૃણોને ખાઈને દરરોજ દૂધનો સ્રાવ કરે છે. દૂધ-દહીંથી દેવતાઓને સંતોષ પમાડનારી ગાયો થાય. માટે જ ગાયો મનુષ્યે સદા પૂજવી. અત્ર મનુષ્યલોકમાં ગૃહસ્થાશ્રમીઓનો ગૃહસ્થાશ્રમ ગાયો વડે અને વૃષભો વડે શોભે છે. કારણ કે તેમના થકી જ હવ્ય-કવ્યની ઉત્પત્તિ થાય છે. દૂધ-ઘી-અન્ન વડે તેની સિદ્ધિ થાય છે, તે તો તેમને આધીન છે. માટે ગૃહસ્થ તે પશુઓનું પ્રયત્નથી પરિપાલન કરે. અતિ પવિત્ર જેના અંગોમાં સર્વે દેવતાઓ વસે જ છે તે ગાયો સર્વેને પૂજનીય છે. માટે ગૃહસ્થાશ્રમી દ્વિજ ગાયોનું સંરક્ષણ કરે. વાછરડું ન હોય, ગર્ભ સ્રવી ગયો હોય, રોગવાળી હોય, બે વાછરડાં હોય અને પ્રસૂતા હોય તો દશ દિવસ પહેલા ગાયને દોહવી નહીં.

ગાયો, ઘોડા, બળદો વગેરે તેઓને બાંધવાના સ્થાનોમાં દોરડાં કાપવા માટે અતિ તીક્ષ્ણ લોઢાનાં દાતરડાં હંમેશાં રાખવાં. (કારણ કે, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ કે આગ લાગી હોય વગેરે કુદરતી આપત્કાળમાં તુરંત દોરડાંને કાપી શકાય.) જે ગૃહસ્થો અતિ ભક્તિથી ગાયોનું પૂજન કરે છે, વંદન કરે છે અને પોષણ કરે છે તેમને અશ્વમેધયજ્ઞનું ફળ તત્કાળ મળે છે. જે પાપી પુરુષો ગાયોને દૂધ દોહવા સમયે લાકડીથી મારે છે અને ગાળો દે છે તે પુરુષો મર્યા પછી કરોડ વર્ષ નરકમાં ખદબદે છે.

વિપ્ર જો બળદના વૃષણનો ઉચ્છેદ કરે, તો બ્રાહ્મણત્વ જાતિથી ભ્રષ્ટ થાય છે. આ બ્રાહ્મણ શ્વપચની માફક દેવ સંબંધી તથા પિતૃ સંબંધી કર્મમાં વર્જ્ય છે. બળદો અનેક પ્રકારના ધાન્યો ઉત્પન્ન કરે છે પોતાની ખરીથી ચૂર્ણ કરે છે. ધાન્ય ભરેલું ગાડું ઘેર લાવવા માટે ખેંચે છે. સર્વ જનોને આનંદ આપે છે. માટે બળદો પૂજ્ય છે. બળદો ભાર ખેંચવાથી દુઃખી હોય છે તોપણ પોતાના માલિક આગળ કંઈ પણ બોલતા નથી.. પોતે સૂકાં ઘાસ તથા ભૂસું ખાય છે. આવા ગુણવાળા બળદો લોકોની વૃદ્ધિમાં કારણ થાય છે. માટે પ્રયત્નથી પાલન કરવા અને સર્વ પ્રકારે પોષણ કરવા યોગ્ય છે. જે ગૃહસ્થ બાંધેલા પશુ જે ગાયો વગેરેને તૃણ અને જળ વડે સમયોસમય સારી રીતે પોષણ કરતા નથી, તે ગૃહસ્થ રૌરવ નરકમાં પડે છે. પશુપાલનમાં અશક્ત ગૃહસ્થ, તે પશુઓને પશુપાલન માટે જે શક્તિમાન હોય તેને આપીને પોતે વનમાં જઈને તપ કરે. પણ પશુઓને નકામો ક્લેશ પહોંચાડે નહિ."

(શ્રી સત્સંગિજીવન : ૫/૧૫)

ભગવાન શ્રી સ્વામિનારાયણે તો પશુઓમાં રહેલા કુસ્વભાવોને પણ ટળાવવા દાખડો કર્યો છે. સંપ્રદાયનો પ્રસિદ્ધ પ્રસંગ છે : એકદિવસ મૂળજી બ્રહ્મચારી ભગવાન શ્રીહરિને જમાડવા માટે બોલાવવા આવ્યા. મહારાજ સભાની પૂર્ણાહુતિ કરી જમવા પધાર્યા. રસ્તામાં ઘોડશાળ આવે. મહારાજે ઘોડશાળમાંથી નીકળતાં જોયું કે, એક પાર્ષદને ઘોડીએ લાત મારી. પણ તેમને વાગતાં - વાગતાં રહી ગયું. મહારાજને ઘોડીનો આ લાત મારવાનો સ્વભાવ ન ગમ્યો અને કહ્યું કે, "અરર ! આ ઘોડી અમારી જોડે રહે છે છતાંય તેનો સ્વભાવ ન ટળ્યો ? બસ, આજે તો ઘોડીનો લાત મારવાનો સ્વભાવ ટળે પછી જ જમીશું."

સ્વયં અનંતકોટિ બ્રહ્માંડોના ધણી એક ઘોડી જેવા પ્રાણીનો સ્વભાવ ટળાવવા તત્પર બન્યા અને ખુરશી મંગાવી, ઘોડશાળમાં બેસી ગયા. ઘોડીના પગથી થોડે છેડે એક લાકડાનું જાડું થડિયું મુકાવ્યું. અને હાથમાં એક લાંબો વાંસ લઈ, ઘોડીની પૂંછડીએ અડાડે. વાંસ અડતાં ઘોડી લાત

મારે, પગ થડિયા પર પછડાય. મહારાજે એક, બે, ત્રણ વખત એમ મારવાનું ચાલુ રાખ્યું. પગ થડિયા જોડે અથડાવાથી ઘોડીનો પગ છોલાઈને લોહીલુહાણ થઈ ગયો. છેવટે જ્યારે ઘોડીએ લાત મારવાની બંધ કરી ત્યારે મહારાજને નિરાંત થઈ, પછી જ શ્રીજીમહારાજ જમવા માટે પધાર્યા.

પશુઓનું પાલન કરવું તેટલામાં જ ભગવાન શ્રીહરિએ પશુ કલ્યાણની ભાવના મર્યાદિત નહોતી રાખી. પરંતુ શ્રીજીમહારાજે 'જે પશુપ્રાણીઓ પોતાના કે પોતાના આશ્રિત સંતો-ભક્તોના યોગ-ઉપયોગમાં આવ્યા તેનું પણ કલ્યાણ કર્યું છે.' ભગવાન શ્રીહરિએ તો સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની બિમારીના ઈલાજ માટે ઉપયોગમાં લેવાયલ બકરીના દૂધ દ્વારા બકરીનો મોક્ષ કર્યો, તવરાના મેળામાં મુક્તાનંદ સ્વામીના ગાડે જૂતેલા બળદનો મોક્ષ કર્યો, અગતરાઈના ભીમભાઈના સંકલ્પથી હજારો કીડીઓનો મોક્ષ કર્યો, પંચાળાના એક ખેડૂતના બળદનો મોક્ષ કર્યો, માનકૂવામાં રીંછને શેર દૂધ પાઈને મોક્ષ કર્યો, અમદાવાદમાં ભદ્રકાળી વિસ્તારમાં એક રાતા ઘોડાનો મોક્ષ કર્યો, ગઢપુરમાં ચાસટિયાની જાર ટોપલો ભરીને નિત્ય કબૂતરોને ચણ નાખીને હજારો કબૂતરોનું કલ્યાણ કર્યું, ગૌઘાટમાં એક મોટા મગરમચ્છનો મોક્ષ કર્યો, મેંદરડાના પ્રેમજી ઠક્કરની ગાયનું દૂધ સંતો-ભક્તોના ઉપયોગમાં આવ્યું તેથી તેનું કલ્યાણ કર્યું, ઈટોલાના જીજીભાઈના બળદનું કલ્યાણ કર્યું વગેરે અનેક પ્રસંગો સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. જેમ નંદસંતો જેવા સદ્‌ગુરુ સંતોના અગ્નિસંસ્કારના સ્થાને ઓટા થયા છે, તેમ **માણકી ઘોડી**નો પણ ગઢડામાં શ્રીલક્ષ્મીવાડી ખાતે **સ્મૃતિ ઓટો** છે. ભગવાન શ્રીહરિએ સંતતુલ્ય - મુક્તતુલ્ય ગૌરવ પશુઓને પણ બક્ષ્યું છે. આવી અનેકાનેક પશુવિષયક **કલ્યાણાત્મક ભાવના** ભગવાન શ્રી સ્વામિનારાયણે રાખી હતી.

## વચનામૃતમાં કરેલ પશુ શબ્દોના નિર્દેશો :

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની શ્રીમુખ વાણી એવા વચનામૃત ગ્રંથમાં દરરોજ અથવા અવારનવાર નજર સમક્ષ થતાં કેટલાંક પશુઓ, પ્રાણીઓની સહજ સ્વાભાવિક પ્રકૃતિ અને પ્રવૃત્તિનો પણ અનેકવાર ઉપયોગ કરીને યાદ કર્યા છે તે જોઈએ.

ગઢડા પ્રથમ પ્રકરણ :

- ...જેમ પર્વત-વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય, પશુ, પક્ષ્યાદિકની જે આકૃતિ... (વચ. ૧૨)

- ...દેવ, દૈત્ય, મનુષ્ય અને પશુપક્ષી આદિક સમગ્ર સ્થાવર જંગમ જે જીવ... (વચ. ૧૩)

- ...તે છેક મૂર્ખપણે પશુને પાડે વર્તતો હોય તેને તો ન સમજાય અને... (વચ. ૧૮)

- ...જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું... (વચ. ૧૮)



- ...તથા જગતમાં જેટલી કૂતરીઓ, જેટલી મીનડિયો, જેટલી વાનરિયો એ આદિક... (વચ. ૨૧)

- ...આ સત્સંગમાં તો ભગવાનનો મોટો પ્રતાપ છે તેણે કરીને પશુનું પણ કલ્યાણ થાય છે... (વચ. ૨૧)

- ...તથા સડેલ કૂતરું તેવું જાણે એ રસિક ભક્ત સાચો... (વચ. ૨૬)

- ... જેમ સંસારમાં જેને ઘોડું ચડવા ન હોય તેથી જેને ઘોડું હોય તે મોટો અને એક ઘોડું જેને હોય તેથી જેને પાંચ ઘોડો હોય તે મોટો...(વચ. ૨૭)

- ...જેમ ભરતજીને મૃગલામાં આસક્તિ થઈ એવે ઠેકાણે... (વચ. ૨૯)

- ...તથા ઝાડીને વિશે વાઘ, હાથી તથા અરણાપડા તેની ભેળે ફરતા... (વચ. ૨૯)

- ...વાછડો માર્યો, અને મધના પૂડા ઉખેડ્યા... (વચ. ૩૧)

- ...અને વળી પશુપક્ષી સર્વ જીવ જેમ પોતપોતાનો ચારો... (વચ. ૩૨)

- ...જેમ ધણિયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંજે પોતાને ખીલે... (વચ. ૩૨)

- ...તથા વાનરું તથા કૂતરું તથા... (વચ.૩૨)

- ...અંતકાળમાં મૃગનું બાળક સ્ફૂરી આવ્યું ત્યારે તે મૃગને આકારે... (વચ. ૩૮)

- ...જેમ કૂતરાનું મુખ કૂતરો ચાટે તથા... (વચ. ૩૮)

- ...તેને દયાએ કરીને પણ જો મૃગ સંગાથે પ્રીતિ થઈ તો... (વચ. ૪૨)

- ...અને ભરતજીએ દયાયે કરીને મૃગલામાં પ્રીતિ કરી તો પોતે મૃગલું થયા... (વચ. ૪૨)

- ...અને તેને પશુ જેવો જાણવો.. (વચ. ૪૪)

- ...જેમ ગાયના પેટમાંથી વાછડું બહાર નીસરે છે તેમ... (વચ. ૪૬)

- ...ને પાડાને મધ્ય હાથી હોય તે મોટો... (વચ. ૬૩)

- ...દેહવાળા જે ઘોડા તે સર્વ દિવ્ય ને માયા પર... (વચ. ૬૬)

- ...યજ્ઞાદિકને વિશે પશુહિંસા... (વચ. ૬૯)

- ...આપણને હાથીએ બેસારે... અને ગધડે બેસારે... (વચ. ૭૪)

- ...પોતે ઘોડે ચડીને ચાલે ત્યારે ઘોડો ભગવાનને ઉપાડી ચાલે છે, પણ એ તો ઘોડાના આધાર છે... (વચ. ૭૮)

**૦ સારંગપુર પ્રકરણ :**

- ...જેમ કૂતરાનું ગલુડિયું હોય તે... (વચ. ૧)
- ...કે બીજું કોઈ પશુ-પક્ષી આવ્યું... (વચ. ૨)
- ... કે કૂતરાં-બલાડાંનાં કરે છે, તો તેને જ્યારે...(વચ. ૨)

**૦ કારિયાણી પ્રકરણ :**

- ...કોઈક મનુષ્ય તો બિલાડાની પેઠે... (વચ. ૩)

- ...જેમ ધોબીનો કૂતરો વાટનો નહિ ને ઘાટનો નહિ... (વચ. ૭)

- ...ત્યારે તે રથને ઘોડા તે માયિક હતા... (વચ. ૮)

- ...પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે... (વચ. ૯)

**૦ લોયા પ્રકરણ :**

- ...વાઘ, દીપડો, કાળો સર્પ તે... (વચ. ૧)

- ...તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય... (વચ. ૩)

- ...પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી... (વચ. ૫)

- ...જે અંગ દીઠું તે ગાયનું જ દીઠું છે... (વચ. ૧૫)

- ...અને નૃસિંહને પતિભાવે ભજ્યા તે શું સિંહણ થઈ ને સખાભાવે ભજ્યા તે શું સિંહ થયો... (વચ. ૧૮)

- ...અને હયગ્રીવને પતિભાવે ભજ્યા તે શું ઘોડી થઈ ને સખાભાવે ભજ્યા તે શું ઘોડો થયો... (વચ. ૧૮)

**૦ પંચાળા પ્રકરણ :**

- ...આ માણસ ભેંસ જેવો છે... હાથી જેવો છે... (વચ. ૪)

-....તથા પશુના દેહનું ધારણ કરે છે ત્યારે તે પશુની પેઠે જ વર્તે છે... (વચ. ૪)

- ...હયગ્રીવરૂપે થયા ત્યારે ઘોડાની પેઠે ફૂંફાડા મારવા માંડ્યા... (વચ. ૪)

- ...નૃસિંહરૂપે થયા ત્યારે સિંહની પેઠે જ વર્ત્યા...(વચ. ૪)

**૦ ગઢડા મધ્ય પ્રકરણ :**

- ...તથા કૂતરાં, ગધેડા, ચાંડાળાદિક જે જે... (વચ. ૬)

- ...એકાદશીને દિવસે ઢોર લાંઘણ કરવી નહિ... (વચ. ૮)

- ...થવાતું હોત તો કૂતરાં, ગધેડાં ઈત્યાદિક સર્વે નિર્ગુણ... (વચ. ૮)

- ...દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને.... (વચ. ૧૦)

- ...અને હાથીને હોદે બેસવું... (વચ. ૧૩)

- ...તથા જેમ ભરતજીને મૃગનો દેહ... (વચ ૧૩)

- ...દરબારમાંથી ઘોડીએ ચડીને... (વચ. ૨૧)

- ...જેમ હાંકનારો બળદિયા, પૈડાં... (વચ. ૩૩)

- ...અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંત... (વચ. ૪૧)

- ...વનને વિશે મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઈત્યાદિક

(વચ. ૫૫)

- ...ખાતાં-પીતાં, ઘોડે ચઢતાં, રાજી-કુરાજીપણામાં... (વચ. ૫૫)

- ...જેમ કૂતરું હોય તે સૂકા હાડકાને એકાંતે... (વચ. ૫૭)

- ...જ્યારે દેખે ત્યારે જેમ સડેલ કૂતરાને દેખે... (વચ. ૬૨)

- ...ને નંદીશ્વરની અસવારી ને ગરુડની અસવારી... (વચ. ૬૩)

**૦ વડતાલ પ્રકરણ :**

- અભક્ત જીવ હોય અથવા પશુ હોય તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે. (વચ. ૧૩)

**૦ અમદાવાદ પ્રકરણ :**

- ...ત્યારે હાથી, ઘોડા, વૃક્ષ સર્વ તણાઈ... (વચ. ૩)

**૦ ગઢડા અંત્ય પ્રકરણ :**

- ...તો તે મૃગલીને પેટ જન્મ લેવો પડ્યો.. (વચ. ૩)
- ...જેમ કોઈ પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે... (વચ. ૯)
- ...જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે... (વચ. ૧૨)
- ...મને તો જન્મોજન્મ લંબકર્ણનો જ અવતાર દેજ્યો... (વચ. ૧૪)
- ...તે માણસના દેહમાં તો થાય પણ પશુને પણ ક્રોધ થઈ જાય છે. (વચ.૧૪)
- ... મૃગલીનાં બચ્ચાને વિશે પોતાને હેત... (વચ. ૧૭)
- ...જેમ અતિશય દૂબળું ઢોર હોય... (વચ. ૧૮)
- ...તે તો અમને પશુ જેવો જણાય છે... (વચ. ૧૯)
- ...જેમ ભરતજીને મૃગલીનું બચ્ચું તે જ અવિદ્યા... (વચ. ૧૯)
- ...અથવા કૂતરું નીસરે કે ઢોર નીસરે... (વચ. ૨૫)
- ...આશ્રમ, નાત, જાત, પશુ મનુષ્ય આદિક જે જે પદાર્થ.. (વચ. ૨૭)
- ...કાંઈક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે....(વચ. ૩૯
- ...જેમ શ્વાન હોય ને તે ખીર ખાય તે તેના... (વચ. ૩૯)
- ...માણસમાંથી માણસ થાય છે, પશુમાંથી પશુ થાય છે... (વચ. ૩૯)
- ...એક કહેશે, હું માણસના ધર્મ પશુમાં કરીશ અને બીજો કહેશે, હું પશુના ધર્મ માણસમાં કરીશ. (વચ. ૩૯)

આવો આપણે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાણીઓ પ્રત્યેની **કલ્યાણાત્મક ભાવના**ની ઝાંખીમાત્રથી એ સ્મૃતિમાં ગરકાવ થઈએ. સૌપ્રથમ શરૂઆત તો આપણે શ્રીજીમહારાજની માનીતી માણકી ઘોડીથી જ કરીએ :

## ભગવાન શ્રી સ્વામિનારાયણને અતિ પ્યારી માણકી ઘોડી



પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં **'માણકી ઘોડી'**નું વર્ણન કરતાં લખે છે :

અતિ ઉત્તમ માણકી દિસે, ન મળે ખોડ ખચીત તે વિષે;
ત્રણ લોકની કાંતિ સંઘરી, વિધિએ શું શુભ માણકી કરી.
શુભ લક્ષણ સર્વ છે રહ્યાં, સહિ સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યાં;
દિવવાસિ ચહે સુ દેખવા, નહિ તે તુલ્ય દિસે ઉચૈઃશ્રવા.
શિવને વૃષ હંસ ધાતૃને, ગમિયો સિંહ ગણેશમાતૃને;
ગુહવાહન મોરનું ગમ્યું, નહિ કોઈ શુભ માણકી સમું.
નહિ કામ લગામનું ઘણું, વરતી લે મન તે ધણી તણું;
રુચિતુલ્ય દિસે જ ચાલતી, મદમાતી સુખથી મહાલતી.
વિધિએ નવરાશમાં ઘડી, પ્રભુને ભેટ કરી પગે પડી;
બીજી એવી બનાવવા સહી, શ્રમ કીધો પણ તે બની નહી.
(શ્રીહરિલીલામૃત : ૮/૧૭)

સોરઠ-કાઠિયાવાડ-સૌરાષ્ટ્રની ભૂમિમાં અસવારના ઈશારે ઠેક ભરતાં જાતવાન ઘોડાનો પાર નથી, પણ કાઠી-દરબારોના ડાયરે ડાયરે ને આહીર-ચારણના નેસડે નેસડે બે મોઢે વખાણ થતાં કે, 'ઘોડા-ઘોડીયું તો આ મલકમાં ઘણાં હશે પણ આંખ ઠારે ને આભને આંબે એવી ઘોડી તો માણકી સ્વામિનારાયણની...'

કાઠી-દરબારોને ઘોડાનો બહુ શોખ. ઘોડા એવાં વહાલાં કે માડીજાયા ભાઈ ને દીકરાની જેમ એનું જતન કરે. આંગળા કરડાવીને પણ ઘોડાંનો ઉછેર કરે !! પરંતુ ઠેર-ઠેર એક જ વાત થતી કે, 'માણકી તો સ્વામિનારાયણની, એના તોલે કોઈ ન આવે.' કાઠી-દરબારોના ગઢમાં, આહીર-ચારણોના નેસમાં ગઢવીઓ કસૂંબા ઘોળતાં ઘોળતાં દેશદેશાંતરનાં ઘોડાની વાતો કરતા તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડીની વાતો કરતા આફરીન પોકારી ઊઠતા. સહુ કોઈના મનમાં માણકી ઘોડી પ્રત્યે મહિમા અને પૂજ્યભાવ દૃઢ હતાં.

ગઢપુરમાં દાદાખાચરના દરબારગઢમાં કાઠી-દરબારો ભગવાન શ્રીહરિના દર્શન કરવા ઊમટતા ત્યારે જુદા જુદા પંથકના ઘોડાં-ઘોડીયું દાદાખાચરની ઘોડશાળમાં હમચી ખૂંદતાં પણ માણકી ઘોડીની રખાવટ જુદી થતી.

ઘોડામાં રેડિયો, માલિયો, બોડિયો ને તાજણિયો, અગરિયો, બાવળો, લખમિયો ને સાંકળિયો, કાગડિયો, પંખાળિયો, કોહાલ ને હીરાળો, મોરધજ, માણેક, ચટપંખો ને માકડો, ખંખારિયો, તેજો ને ચવરઢાળ વખણાતા. એવી જ રીતે ઘોડીઓમાં માણકી, તાજણ, શિંગાળી, રેશમ, ફૂલમાળ, વાંદર્ય, તીખી, વાંગળી, હિરાળ, પ્રવાલ, પારેબી, જબાદ, ટીલાત, રેડી, વીજળી,માછવી, મારુત, કેસર, હિરણ્ય, ઝપડી, સેંતી, રેશમ, સેનાની, બગી, વાંદરી, વાઘણ, મણિ, ખેંગ, ઢેલ, દેવમણિ, લાડી, સપનાશ, લખી, ભૂતડી, બોદલી, ચમરઢાળ, મુગટ, માતંગી, બાઝ, વાલઈ, સિયણ, હેમન, રીમી, નોરાળ, દાહલી, બેરી, મુંગલી, અટારી, છોગાળી, પાંખાળ, લાહી, પીયુડી જેવી પંખાળી ઘોડીઓ પણ કાઠિયાવાડની ધરતીની ગોદમાં અપ્સરાઓની જેમ ગેલ કરતી. ગાઉના ગાઉ મજલ કાપી રાતોરાત પાછી ફરતી. ધણીને વફાદાર રહી અણીના સમયે સંકટમાંથી ઉગારતી.

સ.ગુ. શ્રી **નિર્ગુણદાસજી સ્વામી** પોતાની **વાતો**માં ૫૭૦મી વાતમાં લખે છે : ''માણકી ઘોડી મહારાજની મરજી પ્રમાણે ચાલે, ઊભી રહે, દોડે પણ લેશમાત્ર પોતાનું ગમતું કરે નહીં. ને મહારાજને વિશે એને અતિશે હેત, એવું પોતાના વછેરા ઉપર પણ નહીં.''

ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડી આ મૃત્યુલોકની ગરુડ ગણાતી. પોતાની પીઠ ઉપર ભગવાન શ્રીહરિને લઈને સંચરતી ત્યારે અસવારના પેટનું પાણી પણ હલવા દેતી નહીં ! વાયુનો પ્રચંડ વેગ પણ માણકીના વેગ પાસે વામણો થઈ જતો.

'પતિને અતિ સાચવે સહી, નિજથી કષ્ટ થવા જ દે નહીં;
વિચરે બહુ વાયુ વેગથી, પણ હાલે નહિ પાણી પેટથી.'
(શ્રીહરિલીલામૃત : ૮/૧૭)

કોઈ શેતાન પણ માણકી ઘોડી પાસે આવી શકતો નહીં, ને નસીબજોગે આવી જાય તો પાનખરમાં પાંદડાં ખરે ને નવી કૂંપળો ફૂટવા માંડે તેમ એની શેતાનિયત ખરી પડતી ને ભક્તિના અંકુર એના હૃદયમાં પ્રગટી જતા.

''ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડી આ મૃત્યુલોકની ગરુડ ગણાતી. પોતાની પીઠ ઉપર ભગવાન શ્રીહરિને લઈને સંચરતી ત્યારે અસવારના પેટનું પાણી પણ હલવા દેતી નહીં ! વાયુનો પ્રચંડ વેગ પણ માણકીના વેગ પાસે વામણો થઈ જતો''

કુદરતી કોપ કે ધાડાં-ધીંગાણા જેવો કોઈ માઠો બનાવ બનવાનો હોય તેની, ચાળીસ દિવસ અગાઉ તો માણકીને ખબર પડી જતી !

ખજૂરના જેવો ચકચકતો એનો રંગ હતો. દૂધિયા રંગની છાતી હતી. માથું, કાન ને ચારે પગ લાલ હતાં. કોઈ બાળા જોગીએ કપાળે ખડીનું તિલક તાણ્યું હોય એવો એના ભાલમાં ઊભો ધોળો પટ્ટો હતો.

એના પરસેવામાંથી પારઠ ભેંસના દૂધ જેવી તો ફોરમું વછુટતી.

ઠેર ઠેર એક જ વાત થતી કે, 'માણકી તો સ્વામિનારાયણની, એના તોલે કોઈ ન આવે. શાં એના વખાણ કરવાં ?' કહેવાય છે કે બાબરાની ઢેલ, જૂનાગઢની હીરાળ, લખતરની શિંગાળી, લીંબડીની લાલ, મૂળીની બેરી, ભીમોરાની કેસર, ભડલીની તાજણ, રૂપવંતી વાંદર્ય, લખી, ભૂતડી કે વીજળી - આ બધી ઘોડીયું ભલે વખણાતી હોય પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડી તોલે એકેય ન આવે. એમ નેમ તરવર તરવર વહી જતી હોય તૈંયે પણ જોતાં ન ધરાઈએ એવી રૂડી લાગે ! ધણીના મનને પરખી દિશા મોડનારી માણકી ઘોડીનાં મૂલ સારુ તો કંઈકનાં માથાં વધેરાઈ જાય અને તોય ચૂકવવા ભારે પડે !

"ઠેર ઠેર એક જ વાત થતી કે, 'માણકી તો સ્વામિનારાયણની, એના તોલે કોઈ ન આવે. શાં એના વખાણ કરવાં ?' કહેવાય છે કે બાબરાની ઢેલ, જૂનાગઢની હીરાળ, લખતરની શિંગાળી, લીંબડીની લાલ, મૂળીની બેરી, ભીમોરાની કેસર, ભડલીની તાજણ, રૂપવંતી વાંદર્ય, લખી, ભૂતડી કે વીજળી - આ બધી ઘોડીયું ભલે વખણાતી હોય પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડી તોલે એકેય ન આવે"

માણકી ઘોડીની કેશવાળી ગોઠણ સુધી ઢળકતી ઝપાટા લેતી. પૂંછડાનો ઝૂંડો ઠેઠ પેનીએ અડતો હિલળતો ત્યારે લાગતું કે કોઈ અપ્સરા ધરતી માથે એક સાથે ત્રણ-ત્રણ વીંજણા ઢોળી રહી છે ! એની ચારે પગની પીંડીયું દૂધિયા રંગે નીતરતી. ભગવાન શ્રીહરિને પીઠ પર હુલસાવતી આ જોગણી અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળતી ! નાજા જોગિયા માણકીની તહેનાતમાં ખડેપગે રહેતા. પાણવીના પૂંજા ડોડીયા હંમેશાં માણકી સારુ કાંટાકૂંટી કાઢીને સરાઉ ખડનું ભર ભરીને લાવતા. કુંડલાના રાઠોડ ભક્ત માણકી સારુ મોરડો ને હીરની દોરી ગૂંથતા. કુંડલાના ભોજો લુહાર ચોકડું ને ભર બનાવતા. કચ્છના જણસારી સત્સંગી ભક્તો માણકી માટે મહામૂલો હીરગૂંથ્યો સામાન જાતે બનાવીને લાવતા. આ ભક્તો કોઈ ધન કે પદાર્થની આશા-અપેક્ષાએ નહીં પરંતુ એક ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા આવી અમૂલી ભેટ ધરતા ને ભગવાન હરિના હૈયાના રાજીપો લૂંટતા.

કચ્છના હીરજીભાઈ ગાદી, ખોગીર, દળી ને ઘાંસિયું - આ બધો સામાન તૈયાર કરી ઉત્તમ ચારજામો એટલે કે શેવટી ભરતા. તેમાં મખમલ ને મશરુના ગલેફમાં શેમળા ને આંકોલિયાના રેશમી રૂનો ખોલ ભરતા અને સોનાતારનું ગૂંથણ કરી વિવિધ ભાત્ય નિપજાવતા. આ શેવટી બનાતવા કુશળ કારીગરને પણ શેવટી ગૂંથતાં છ-છ મહિના નીકળી જાય ! જેમ સામાન્ય માણસના માથે રાજમુગટ પડે ને તરત એનાં દીદાર બદલાઈ જાય, તેમ આવી શેવટી સામાન્ય ઘોડા-ઘોડીની પીઠ પર મંડાય તો એની કિંમત અનેકગણી થઈ જાય.

માણકીની પીઠ પર એ સુંવાળી શેવટી મંડાતી કે એને અંગે અંગમાં ટાઢક વળી જતી. એના પર વરણાગી વાલમો બિરાજમાન થતા જ માણકી હેતને હિંસોરે હાવળું દેવા માંડતી. ડાબલા ખડતાળતી ઠમકવા લાગતી. માણકી ઘોડી પર માણીગર માવજી સવાર થતાં ત્યારે માણકીને એવી રીતે શણગારવામાં આવતી કે જાણે કોઈ રાજકુમારી ન હોય ! સ.ગુ. શ્રી **કૃષ્ણાનંદ સ્વામી** માણકીના **શણગાર**નું મનોહર વર્ણન કરતાં કહે છે :

શણગારી માણકી ઘોડી રૂપાળી,
મોતીડે જડાવ અતિ સાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૧
સોનેરી પલાણ મોરડો મણિનો,
રાજે હરિવર અસવાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૨
સુંદર મોતીડે ગૂંથી કેશવાળી,
રત્ને જડિત કલંગી સાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૩
રત્નજડિત લગામ શોભે,
ગ્રહી કરમાં ધર્મકુમાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૪
પચરંગી પાટનો જેર બંધ,
પેંગડે હીરા જડ્યા સાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૫
ડુંમચીમાં રત્ન જડિયાં છે સારાં,
પાયે ઝાંઝરનો ઝણકાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૬
થનથનથન ઘોડી ચાલ ચાલે છે,
ગરુડનો મદ હરનાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૭
તારામંડળમાં જેમ ચંદ્રમા શોભે,
એમ શોભે અલબેલો રે; નીરખી નેણાં લોભાણાં...૦૮
કૃષ્ણાનંદ હરિ શોભાના સાગરવર,
કેસરિયો રંગ રેલો રે; નીરખી નેણાં લોભાણાં...૦૯

માણકી ઘોડીને માથે બબ્બે તો વાઘ રહેતી. ભડકવાની થાય ત્યારે **ભગવાન શ્રીહરિ** મોટી વાઘ તાણતા, જેથી તરત કાબૂમાં આવી જતી. ટૂંકી વાઘ બંને કાનસૂરી પાસે રહેતી. એ વાઘનો ઉપયોગ માણકીને વીજળી વેગે દોડાવવામાં કરતા. હીરગૂંથી લગામ કરમાં ગ્રહી માણકીની પીઠ પર માણીગર શ્રીહરિ સવાર થતા કે ઝાડવે ઝાડવાં હિલોળા લેવા માંડતાં. ભક્તો ભગવાન શ્રીહરિની અલગારી અસવારી નીરખવા આંખ આડેથી પાંપણના પડદા ઊંચકી લેતા, હકડેઠઠ માનવ મેદની જામતી. ઝાલાવાડ, ગોહિલવાડ, પાંચાળ, સોરઠ-હાલાર ને ઠેઠ કચ્છથી લોકો દર્શને ઊમટતા. તેમાં પણ



ઘોડાના પારખુઓ, અસવારી કરી જાણનારાઓ તો ખાસ ગઢપુર આવતા.

મોહનવર શ્રીહરિને માણકી ખૂબજ વહાલી હતી, તો સામે માણકીને પણ મહારાજ સાથે **અસાધારણ હેત** હતું. ભગવાન શ્રીહરિ બહારગામ જવાના હોય ત્યારે નાજા જોગિયા શંખલાદિ પલાણ માંડી સોનેરી તારથી ગૂંથેલી લગામ ચઢાવી માણકી ઘોડીને શણગારી, તૈયાર કરીને દરબારગઢના ચોકમાં જ્યારે લઈ આવે ત્યારે મહારાજની રાહ જોતી માણકીના પગ ધરતી પર છબતા ન હોય. એવામાં નેતરની ફૂમકાવાળી સોટી લઈને આવતા ભગવાન શ્રીહરિને જુએ, તુરત જ હાવળો પર હાવળો દઈ આકાશમાંથી ઊતરી આવેલી અપ્સરાની જેમ માંડે હુંફળિયા ખાવા. મહારાજ પણ હેતથી માણકીને ખરેરો કરે, ચંદી ખવરાવે, ક્યારેક હેતથી 'માણકી' એમ બોલાવે એટલે તુરત સામે હાવળ દઈ હોંકારા ભણે.

શ્રીજીમહારાજનો ઈશારો થતાં માણકી ધનુષમાંથી સનનનન... કરતાં છૂટેલા તીરની પેઠે છૂટતી. આકાશમાં ઊડતા ગરુડને પણ પળવારમાં પાછળ રાખી દેતી અને ચળકતી ચપળાની જેમ ક્ષણવારમાં તો ક્યાંય ક્ષિતિજમાં અદૃશ્ય થઈ જતી. ભગવાન શ્રીહરિ માણકી પર બિરાજમાન હોય અને ઘોડાની ઘૂમ્મરથી ઘેરાયા હોય ત્યારે ઉચ્ચૈશ્રવા પર બેઠેલા અને દેવોથી ઘેરાયેલા દેવરાજ ઈન્દ્ર પણ શરમીંદા બની જતાં.

### માણીગર શ્રીહરિ અને માણકી ઘોડીનું પ્રથમ મિલન :

જસદણના એક કાઠી પાસે **જાતવંત ઘોડી** હતી, તેની ચોરી કરવા કચ્છના એક મિંયાણાએ ખૂબ મહેનત કરી પણ ઘોડી હાથમાં ન આવી.

મિંયાણાનો અંતકાળે જીવ જતો નહોતો. દીકરાએ વાંછના પૂછી, ને જાણી લીધું. દીકરો કહે : "હું એ ઘોડી ચોરી ન લાવું ત્યાં સુધી ઘરમાં પગ નહીં મૂકું." મિંયાણાનો દેહ છૂટ્યો.

દીકરો જસદણ આવ્યો. પછી ખબર પડી કે ઘોડી લેવી એ લોખંડના ચણા ચાવવા જેવું કઠણ કામ છે. એ કાઠીને ત્યાં ઘોડશાળમાં અશ્વપાલ તરીકે બે વર્ષ નોકરી કરી, કાઠીનો વિશ્વાસુ થઈ ગયો. પછી એક રાત્રે ઘોડી ઉપાડી સીધો કચ્છ ભાગી ગયો. એકદિવસ તે આ ઘોડીને દરિયા કિનારે લાવ્યો. ઘોડીને કાંઠે ચરતી કરી પોતે બેઠો છે ત્યાં દરિયામાંથી એક દેવતાઈ જળઘોડો બહાર આવ્યો ને આ ઘોડી સાથે સંગ કર્યો. ૧૧ મહિને એક **વછેરી** જન્મી. એ જ આ માણકી !

આ વછેરી સાથે એની માને ભુજના રાવે ખરીદી લીધાં. એ રાવના નાના કુંવરની દીકરીને **મીણાપર** (તા. ચુડા, જી. સુરેન્દ્રનગર)ના મનુભા સાથે પરણાવેલાં તેની પહેરામણીમાં રાવે **માણકી વછેરી** દીધી હતી.

ઘોડીની જાતમાં માણકી શ્રેષ્ઠ જાત ગણાય. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ એક એવી ઘોડીની શોધમાં હતા કે જે જાતવાન હોય, કહ્યાગરી હોય, આકાશમાંથી તારો ખરે એવી ગતિવાળી હોય અને દુનિયામાં એના તોલે આવે એવી બીજી ઘોડી હોય નહીં. ભગવાન શ્રીહરિએ સાંભળ્યું હતું કે પોતાને જોઈએ છે તેવી ઘોડી 'માણકી' મીણાપરના દરબાર મનુભા પાસે છે. તેની વછેરી તેના જેવી જ જાતવાન છે.

તેથી આ વછેરી મેળવવા માટે ભગવાન શ્રીહરિએ દરબાર મનુભા પાસે માણસ મોકલ્યો, પણ તેમણે વછેરી આપવાની ના કહી. આથી, શ્રીજીમહારાજે સુરાખાચરને પૂછ્યું : "દરબાર ! મીણાપરના દરબારના કોઈ વગવાળા ખરા ?"

ત્યારે સુરાખાચરે કહ્યું : "હા મહારાજ ! ભેંસજાળના કાયાજીને તેમની સાથે સારો સંબંધ છે."

શ્રીજીમહારાજે તરત જ કહ્યું : "તો આપણે ભેંસજાળ જઈએ."

ભગવાન શ્રીહરિ તથા સુરાખાચર **ભેંસજાળ** ગયા, ત્યાં પાદરમાં હનુમાનજીના દેરે ઊભા રહ્યા અને ગામના છોકરા સાથે કાયાજીને કહેવરાવ્યું કે 'નાગકડાથી સુરાખાચર અને સ્વામિનારાયણ ભગવાન પાદરે આવ્યા છે અને તમને બોલાવે છે.'

આ સંદેશો મળ્યો એટલે કાયાજીએ કહ્યું : 'પાદરે શા માટે ઊભા છો ? અહીં પધારો.' એમ કહી પોતે જ ઘોડી લઈને પાદરે જવા ઊપડ્યા. હાથમાં હોકો હતો. ભગવાન શ્રીહરિના દર્શન કરતાં જ તેમણે હોકો ફેંકી દીધો. મહારાજ પાસે આવી, પગે લાગી મહારાજને કહ્યું : "મહારાજ ! દરબારમાં પધારો."

ભગવાન શ્રીહરિ સુરાખાચર સાથે કાયાજીના દરબારગઢમાં પધાર્યા.

અહીં આવી સુરાખાચરે કાયાજી બાપુને વાત કરતાં કહ્યું : "બાપુ ! આ અમારા ભગવાન સ્વામિનારાયણ છે. તેમને માણકી ઘોડી જોઈએ છે. અમને જાણ થઈ છે કે મીણાપરના મનુભા પાસે માણકીની વછેરી છે, જો કે તેઓ વછેરી આપવાની ના કહે છે. તે તમારા સગામાં છે, એટલે તમો કહેશો તો આપશે."

આ સાંભળી કાયાજી બાપુએ કહ્યું : "એમાં શું ? આપણે કાલે જ મીણાપર જઈએ." એમ કહીને તેમણે મીણાપર સંદેશો મોકલ્યો. બીજે દિવસે એટલે સં. ૧૮૬૮ શ્રાવણ સુદ ૭ના દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણ કાયાજી દરબાર તથા સુરાખાચર સાથે મીણાપર પધાર્યા. પરંતુ મનુભાને કાયાજી દરબારની શરમ રાખી માણકી ઘોડી આપવી ન પડે તેથી બહારગામ જતા રહ્યા હતા. કોઈ પુરુષવર્ગ ત્યાં હતો નહિ. કાયાજી દરબારે પૂછ્યું ત્યારે મનુભા દરબારના ઘરના સ્ત્રીઓએ કહ્યું : "આદમી તો ગામતરે ગયા છે, પણ તમારે કામ શું છે ?"

ત્યારે કાયાજી દરબારે કહ્યું : "આ અમારા ભગવાન **સ્વામિનારાયણ** છે. તેમને તમારે ત્યાં માણકી છે તેની વછેરી જોઈએ છે."

તે સાંભળી મનુભા દરબારના ઘરનાંએ કહ્યું : "એમાં આદમીનું શું કામ છે ? લ્યો અમે આપીએ." એમ કહી તેની દસ વર્ષની દીકરી **મોંઘીબા**ને કહ્યું : "બેટા ! માણકીની વછેરી છોડીને લાવો."

તે દીકરી મોંઘીબા માણકીની વછેરી છોડીને સરક ઝાલી તેને શ્રીજીમહારાજ પાસે લાવ્યા. સાથે કંકાવટી પણ લાવ્યા. ભગવાન શ્રીહરિના કપાળમાં ચાંદલો કરી પગે લાગ્યા. માણકીને પણ ચાંદલો કર્યો. પછી તેણે માણકીની સરક ભગવાન શ્રીહરિના હાથમાં સોંપી અર્પણ કરી.

ભગવાન શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા અને ૬૦ રૂપિયા અને સાકરની પ્રસાદીનો થાળ ભરી તેમને આપ્યાં પછી તે દીકરીને નામ પૂછ્યું : "દીકરી ! તમારું નામ શું ?"

ત્યારે તેણે કહ્યું : "મોંઘીબા !"

એ સાંભળી શ્રીજીમહારાજે કહ્યું : "મોંઘીબા ! તમે બહું મોંઘા થશો." એમ **આશીર્વાદ** આપી ભગવાન શ્રીહરિ તથા સુરાખાચર માણકી ઘોડી લઈને ત્યાંથી નીકળી ગયા.

(સમય જતાં મોંઘીબા જ્યારે ઉંમરલાયક થયા ત્યારે તેમના લગ્ન ગોંડલના રાજા સંગ્રામસિંહ સાથે થયા હતાં. આ નવદંપતીને ત્યાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી મહાવિદ્વાન પ્રજાપ્રિય રાજવી **ભગવત્સિંહજી** બાપુનો જન્મ થયો હતો. જેની નોંધ **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં લીધી છે :

'સુપુત્ર થાશે ભગવત્પ્રતાપે, પ્રસન્ન થાશો પતિ પત્નિ આપે;
વિતી ગયા તે પછિ બાર માસ, તે મોંઘીબાની થઈ પૂર્ણ આશ.
શ્રીવિક્રમાર્કે શત ઓગણીશ, વર્ષો થયાં ઉપર એકવીશ;
શ્રી મોંઘીબા પુણ્ય ઉદે અપાર, જે ઈશ્વરે એક દિધો કુમાર.'

(શ્રીહરિલીલામૃત : ૧/૧૦)

ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા પછી માણકીએ અન્નજળ છોડી દીધાં હતાં. એની આંખોમાંથી દડદડ આંસુડાંઓની ધારાઓ ચાલ્યા જ કરતી. સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ માણકીની આવી **વિરહ દશા**નું ભાવુક **વર્ણન** કરતા કહ્યું છે : 'દશેરાનો દિન આવિયો રે, માણકી રૂવે મારા મીત રે, હરિવર આવા થયા કેમ આ સમે રે...' વહાલાના વિરહમાં ઝૂરતી આ માણકી ઘોડીએ, મહારાજના તેરમાને દિવસે દેહ છોડી દીધો ! માણકીનો અગ્નિસંસ્કાર લક્ષ્મીવાડીમાં જ્યાં કરેલો તે સ્થળે સ્મૃતિઓટો હાલ મોજૂદ છે.



**ભગવાન શ્રી સ્વામિનારાયણના માણકી ઘોડી સાથેના અનેક લીલાપ્રસંગો સત્સંગ-સંપ્રદાયના ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. હવે આપણે અહીં ભગવાન શ્રીહરિ અને માણકી ઘોડીના દિવ્યચરિત્રો-પ્રસંગોને જોઈએ :**

### અમારી માણકી ઘોડી તો અમારા ગરુડ છે :

એકવાર **ભગવાન શ્રીહરિ** કાઠી દરબારો સાથે વડતાલ જવા તૈયાર થયા. તે વખતે મહારાજે દાદાખાચરને કહ્યું : "દાદા ! તમે તથા બીજા અસવારો તૈયાર થાઓ." ત્યારે દાદાખાચર પોતાનું ઘોડું લેવા ગયા પણ તરત જ પાછા આવ્યા. ત્યારે ભગવાન શ્રીહરિ કહે : "આ બધા દરબારો તૈયાર થયા ને તું કેમ ઊભો રહ્યો છો ?" એમ કહીને મહારાજ દાદાખાચરને વઢવા લાગ્યા. ત્યારે દાદાખાચરે કહ્યું : "મહારાજ ! ઘોડશાળમાં ઘોડી લેવા ગયો પણ ત્યાં તો બીજા કાઠીઓ ઘોડા લઈને અસવાર થઈ ગયા છે માટે હવે એકપણ ઘોડી ઘોડશાળમાં રહી નથી." તે વખતે દાદાખાચરના મામા ઘેલાધાધલ ત્યાં ઊભા હતા તેણે કહ્યું : "લ્યો, મારી ઘોડી લાવી આપું." પછી તેણે પોતાની ઘોડી લાવીને દાદાખાચરને આપી ત્યારે દાદાખાચર પણ જવા તૈયાર થયા.

પછી ભગવાન શ્રીહરિ ચાલતાં ચાલતાં સુરાખાચર સાથે વાતો કરતા જાય છે અને માણકીની **પ્રશંસા** કરતાં કહે છે : "બાપુ ! અમારી માણકી ઘોડી તો અમારા ગરુડ છે." ત્યારે સુરાખાચર જીભને દાંત વચ્ચે દબાવીને બોલ્યા : "પ્રભુ ! ગરુડને તો પાંખો હોય !!" ત્યારે મહારાજ કહે : "જુઓ, દરબાર ! અમારી માણકી ઘોડીને પણ પાંખો છે !" ત્યાં તો દરબાર નજર કરે ન કરે માણકી ઘોડી પાંખો ફફડાવતી આકાશે ઉડવા લાગી !!

(શ્રીહરિચરિત્રચિંતામણી : ભાગ-૨, વાત નં. ૨૬૭ના આધારે...)

### માણકી ઘોડીને અમારા ઉપર જેવું હેત છે તેવું એની વછેરી ઉપર પણ નથી :

એકવખત શ્રીજીમહારાજ સવારના પહોરમાં ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા ને સર્વે સંતની સભા ભરાઈને બેઠી હતી. તેવા સમયમાં ઉકાભક્ત મહારાજ પાસે મૂળા લાવ્યા. તેને પોતે જોઈને રાજી થયા ને જમીને સંત તથા પાર્ષદને પ્રસાદી આપી. ત્યારે ઉકાભક્તે કહ્યું જે, "મૂળા મોટા થઈ જાય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ચાલો, મૂળી જમવા જઈએ." એમ કહીને પોતે માણકી ઘોડીએ અસવાર થયા ને સંત તથા પોતાના પાર્ષદ તેણે સહિત વાવને માર્ગે ચાલ્યા, તે માર્ગમાં વોકળી આવી.

ત્યારે મહારાજ બોલ્યા જે, "માણકીને અમારા ઉપર જેવું હેત છે, તેવું તેની વછેરી ઉપર નથી." ત્યારે સુરાખાચર બોલ્યા જે, "જેવું ઘોડીને વછેરી ઉપર હેત હોય તેવું અસવાર ઉપર હોય નહીં." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એનું પારખું લેવું છે ?" એમ કહીને સર્વે ઘોડાને માર્ગે ચલાવાની આજ્ઞા કરી ને પોતે ઘોડીથી ઊતરીને ઉગમણા એક ખેતરવા પોતે ગયા. ત્યારે માણકી ઘોડી પણ મહારાજની વાંસે ચાલી, ને મહારાજ લઘુશંકા કરવા બેઠા ત્યારે મહારાજને પાસે જઈને ઊભી રહી. પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને ઘોડીને છૂટી મેલી, ત્યારે પોતાની વછેરી હતી, ત્યાં ભેળી થઈ.

ત્યારે મહારાજે સુરાખાચરને કહ્યું જે, "જોયું દરબાર ! અમારી ઉપર માણકીને કેવું હેત ? અમને છોડીને એ એની વછેરી પાસે પણ ન ગઈ." આમ શ્રીજીમહારાજે માણકીની ખૂબ **પ્રશંસા** કરી.

(સ.ગુ. શ્રી ભૂમાનંદસ્વામીની કૃત શ્રીહરિલીલામૃત : સં ૧૮૮૩ની લીલા તથા શ્રીહરિચરિત્રચિંતામણી : ભાગ-૩, વાત નં. ૧૨૦ના આધારે...)

### માણકી ઘોડીની ઉગ્ર તપશ્ચર્યા :

એકવખત **ભગવાન શ્રીહરિ** સંતો-ભક્તોનો સંઘ લઈને વડતાલ સમૈયો કરવા જતા હતા. મહારાજ માણકી પર બિરાજ્યા હતા. મુક્તાનંદ સ્વામી બળદગાડામાં બેઠા હતા. વચ્ચે વડના ઝાડતળે વિસામો લેવા સૌ રોકાયા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું : "કૃપાનાથ ! આ માણકીએ એવડું તે શું **તપ** કર્યું હશે કે એની પીઠ પર આપ બિરાજો છો !" મહારાજ મરક મરક હસતાં બોલ્યા : "તમે અને આ ઘોડીએ ભેળું તપ કર્યું હતું."

(સ.ગુ. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો : નં. ૧૩૦)

તેથી જ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજશ્રી** કહે છે :

'એ ઘોડીએ ઉગ્ર તપો કરેલાં, અશેષ તીર્થે વ્રત આચરેલાં;
પ્યારી કરી કૃષ્ણ કૃપાળુનાથે, મુની ધરે લૈ પદરેણું માથે.'
(શ્રીહરિલીલામૃત : ૮/૧૭)

### માણકીએ ચડ્યા રે મોહન વનમાળી... :

ભગવાન શ્રીહરિ ગઢપુરમાં આવ્યા પછી પંદર દિવસ રહ્યા. દાદાખાચરના દરબારમાં હરિભક્તોની સભામાં **ભગવાન શ્રીહરિ** વાતો કરતા કહેતા : "મનુષ્ય શરીર તો અમૂલ્ય છે. વિમુખ જીવના સંગથી તે શરીરને વારંવાર નિરર્થક કરી દે છે. મનુષ્યદેહથી જે કરવું જોઈએ તે જો ન કરીએ તો તે મોટામાં મોટું અજ્ઞાન છે અને વધારેમાં વધારે

મોહ કહેવાય છે. પાપના અજ્ઞાનરૂપી અંધારામાં પડેલા જીવને **સાચા સંત** સિવાય બીજો કોઈ બચવાનો ઉપાય નથી. જીવ જે દિ' તે દિ' સાચા સંતનો **અતિશય વિશ્વાસ** કરશે ત્યારે તે સંત તેને બંધનથી છોડાવશે. આ વાત જ સિદ્ધાંતની છે. જ્યાં જેટલું સત્ય વર્તન રહે છે ત્યાં તેટલો ભગવાનનો વાસ છે અને જ્યાં જેટલું અસત્ય વર્તન રહે છે ત્યાં તેટલો અધર્મનો નિવાસ રહે છે. આવી જે વાત હોય તેને **સિદ્ધાંત** કહેવાય છે, પણ જે ફરી જાય તેને સિદ્ધાંત ન કહેવાય. સત્સંગના નિયમમાં જ્યાં સુધી જે માણસ વર્તશે ત્યાં સુધી તેનો મોક્ષ અમારા વચને કરીને થશે. જ્યાં નિયમ છે ત્યાં અધર્મનો પ્રવેશ થઈ શકતો નથી. જ્યાં નિયમ છે ત્યાં જ ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં જ ભગવાન રહ્યા છે. અને જ્યાં ભગવાન હોય છે ત્યાં અવિચળ ધામ હોય છે અને જ્યાં ધામ હોય છે ત્યાં જ અપાર **અવિચળ સુખ** હોય છે.

જેમાં જેટલો નિર્માનીપણાનો ગુણ રહે છે તેટલો તે હરિભક્તોમાં મોટો થઈ રહે છે. અને જેટલું તે માન રાખે છે તેટલો તે ન્યૂન થઈ જાય છે. માનમાં એવી રીતની મોટાઈ રહી છે કે, તેમાં દુઃખ હોવા છતાં લેશમાત્ર મનાતું નથી. માન જીવને દુઃખમાં સુખ જ મનાવતું રહે છે અને એ જ ભગવાનનો મોટો કોપ સમજવો. ભગવાનના આજ્ઞાવચન પ્રમાણે જે લોકો પોતાનો જીવનનિર્વાહ કરે છે, તેના સમાન બીજો કોઈ સુખી નથી. અને તેવો આજ્ઞાપાલક મનુષ્ય ભગવાનને પ્રિય લાગે છે. માણસમાં જેટલો નિર્માનીપણાનો ગુણ વર્તતો હોય તેટલી તેના ઉપર ભગવાનની કૃપા થઈ કહેવાય. કેમ જે, નિર્માનીપણાને સમાન બીજી કોઈ મોટાઈ નથી. સર્વપ્રકારની મોટાઈમાં નિર્માનીપણું તે અતિ મોટપ છે. નિર્માનીપણાનો ગુણ આવે છે, તે ખરા અર્થમાં હરિભક્ત થાય છે અને તેમાં ભગવાન નિવાસ કરીને રહે છે અને જેમાં જ્યારે ભગવાન નિવાસ કરીને રહે છે ત્યારે તે ભક્ત બ્રહ્મરૂપ થયો ગણાય.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૪૫ થી ૪૮ સુધીનો સારાંશ)

આ રીતે **ભગવાન શ્રીહરિ** મનુષ્યદેહની દુર્લભતાની, નિર્માનીપણાની મહત્તાની, બ્રહ્મસ્થિતિની, સમજણરૂપી સુદર્શનચક્રની અને ભગવાનના ધામના સુખની વાતો કરતા હતા. ત્યારે વડતાલના એક હરિભક્ત પત્ર લઈને ભગવાન શ્રીહરિ પાસે આવ્યા. પછી તે ભક્ત મહારાજના હાથમાં પત્ર આપ્યો. ત્યારે પ્રસન્નમુખે શ્રીહરિએ પત્ર વાંચ્યો. પત્રમાં લખ્યું હતું કે, ''હે પ્રિયતમ મોહન ! હુતાશની અને ફૂલદોળનો ઉત્સવ વડતાલમાં કરવા માટે અમારા ઉપર કૃપા કરો. વડતાલના વૃદ્ધ, જુવાન અને બાળક, બધા જ પાટીદારો આપ વડતાલ ઉત્સવ કરો તેવું ચાહે છે. જોબનપગી, સુંદરપગી આદિ હરિભક્તો અને નારાયણગિરિ ગોસાઈને પણ ઘણો પ્રેમભાવ છે. હુતાશની ઉપર બધા ખેતરમાં કાંઈ મોલાત નહિ હોય તેથી જેટલા સંઘો આવે તે ખુલ્લી જગ્યામાં ઊતરી શકાશે. જે સંઘ ગામમાં સમાઈ શકશે તે ગામમાં ઊતરશે અને જે ગામમાં સમાશે



નહિ તે ખેતરમાં ઊતરી શકશે.

ગામની ચારે બાજુ અપાર ખેતર છે અને દરેક ખેતરમાં સારા કૂવાઓ રહ્યા છે, તેથી કોઈને પાણીનું દુઃખ રહેશે નહિ અને ચોકી-પહેરો તો બધા પગી કરશે. પગી હરિભક્તોના કહેવાથી જ અમે સમૈયો શરૂ કરીએ છીએ. અને વડતાલ તો અત્યારે અંગ્રેજોની રાજસત્તામાં આવ્યું છે. અંગ્રેજોનું રાજ્ય થવાથી કોઈ જાતનો ભય રહ્યો નથી. આવા રાજા તો ક્યારેય સાંભળ્યા નથી. કદાચ કોઈ જોર જુલમ કરે તો અંગ્રેજ આવીને તત્કાળ તેને કબજે કરે છે. ખેડાના સાહેબે સમૈયો કરીએ છીએ તેવું સાંભળ્યું અને તેમાં પણ આપનું નામ જ્યારે સાંભળ્યું ત્યારે તે ઘણા ખુશી થઈને બોલ્યા હતા કે 'સ્વામિનારાયણના જે શિષ્યો છે તે આજ્ઞાવચનની મર્યાદામાં રહે છે. તેઓ કરોડો લોકો ભેળા થાય તોપણ કોઈ ફેલફિતૂર કરતા નથી. તેઓ સરકારના ગુનામાં આવે તેવું કામ ક્યારેય કરતા નથી અને સ્વામિનારાયણના ભક્ત સિવાયના બીજા લોકો જ્યાં જ્યાં ભેળા થાય છે, ત્યાં ન કરવાના ફેલ કરે છે અને તે ફેલ કરવાથી મનમાં ડરતા નથી. જેના ગુરુ જેવા હોય તે શિષ્યને પણ તેવો જ બોધ આપે છે.

સરકારને જેમાં ફેલ દેખાય છે તેને તે વ્યક્તિ તુચ્છ દેખાય છે. જેમ ઝાઝા ખર (ગધેડા) ભેળા થયા હોય તેવી દૃષ્ટિથી ફેલીને નઠારા દેખે છે. સ્વામિનારાયણના સત્સંગી સિવાયના જે લોકો ભેળા થાય છે, તે તો ફેલ કરવા માટે જ ભેળા થાય છે. સરકાર તો જેનું જેવું વર્તન હોય તેને જાણે છે. સરકાર ફેલી એવા ગુરુ અને શિષ્યનો કાંઈ જ વિશ્વાસ કરતા નથી. સરકાર ફેલી લોકોને માટે ઉપરથી તો લોકલાજ દેખાડે છે, પણ મનમાં તેના પ્રત્યે દાઝ રાખે છે. સરકાર નીતિના ઉપર ખુશ રહે છે. કોઈ માણસની પાસે ઘણું ધન હોય, સારા ખાન પાન હોય, પણ જો તેમાં લગારેક પણ ફેલ દેખાય તો સરકારને તેવા ધનાઢ્યનો કાંઈ ભાર રહેતો નથી. જેમાં જેટલી નીતિ રહી હોય છે, તેવા ધનાઢ્યને પણ સરકાર જુએ છે અને જેમાં ફેલ ન રહ્યા હોય તેવા ગુરુ, પંડિત અને બુદ્ધિમાન લોકોને પણ જાણે છે.

આ લોક અને પરલોક, તે બંને સુધરે તેવી નીતિમાં જે લોકો ચાલતા હોય, તેવા પુત્ર, મિત્ર કે શિષ્ય હોય, તોપણ અંગ્રેજ તેમને નીતિનો ઉપદેશ આપે છે. જે લોકો રાત દિવસ મનમાં ઈશ્વરનો ડર રાખે છે, કોઈ સન્માર્ગમાં કે અસન્માર્ગમાં જેટલા ડગલા ભરે છે કે મનમાં જેટલા સંકલ્પ કરે છે, તે બધાનું ઈશ્વર બધું જ જાણે છે અને જે જેવા માર્ગે ચાલે છે તેને તેવું ફળ લગારે લગાર આપે છે. આ રીતે માનવીએ કરેલા કર્મના ફળને તે માનવી પામે છે.' આટલું બોલીને અંગ્રેજ સાહેબે કહ્યું કે, તમે સ્વામિનારાયણને વડતાલ બોલાવો. આટલી વાત અમે નક્કી કરીને આવ્યા છીએ, તેમાં રંચમાત્ર ખામી રહી નથી.''

ત્યારે શ્રીહરિએ કહ્યું : ''હરિભક્તોના હિત માટે અતિ પવિત્ર સારું રાજ્ય થયું છે અને હવે કળિયુગ, અધર્મ અને અસુરો, તેનું બળ લેશ માત્ર રહ્યું નથી. અમે યજ્ઞો કર્યા, સંતોની પાસે ઘણું તપ કરાવ્યું અને હરિભક્તોએ ભગવાનનું સુખે ભજન કર્યું. મનમાં આવા સારા રાજ્યનો સંકલ્પ હતો. તો તે સંકલ્પ અત્યારે સફળ થયો છે. બધા અસુરોનો ડર પણ જતો રહ્યો છે. કળિયુગ અને અધર્મનું બળ રહ્યું નથી. સહુને પોતપોતાની હદમાં લાવી દીધા છે. હવે જે હરિભક્તો છે તે સુખેથી ભગવાનનું ભજન કરે. બધા અસુરોનો ડર ચાલ્યો ગયો છે અને અસુર ગુરુઓનો વિનાશ થયો છે. હવે જેટલા સમૈયાઓ છે તે વર્ષોવર્ષ વધારે ને વધારે નિર્વિઘ્નપણે થાશે.'' આટલું બોલીને શ્રીહરિએ તે વખતે સંભારીને દેશે દેશમાં રહેનારા હરિભક્તોના ગામ ઉપર પત્રો લખાવ્યા.

હરિભક્તોમાં જે મુખ્ય **બાઈ ભાઈ** હતા, તેનાં નામ સંભારીને શ્રીહરિએ લખાવ્યા. જે જે દેશમાં જેટલા ગામોના જે હરિભક્તો રહેતા હતા તે તે ગામ શ્રીહરિએ હરિભક્તોના ઉપર દયા કરીને **વ્યક્તિગત પત્ર** મોકલ્યા. આ વખતે વડતાલમાં ફૂલદોળનો મોટો ઉત્સવ કરવો છે. આવું શ્રીહરિએ પોતે હરિભક્તોના નામે લખાવ્યું. ઉત્સવનું નામ સાંભળીને જે બધા હરિભક્તો હતા, તે ઘણા ઉત્સાહિત થયા. જે ભગવાન અનંત બ્રહ્માંડના ઈશ્વર છે તેઓ આવા સમૈયા ઉપર આપણને સંભારે છે..! અને ભવબ્રહ્માને પણ જે દુર્લભ છે તેવું **સદ્ભાગ્ય** આપણે માટે સુગમ થયું છે..!

પત્ર વાંચીને હરિભક્તો ઉપર કહ્યા પ્રમાણે પરસ્પર બોલ્યા. તે પત્રને દરેક હરિભક્તોએ પોતાને માથે ચડાવ્યો. કેટલાકે પત્રને છાતીએ ચાંપ્યો. કોઈએ આનંદથી નેત્ર ઉપર દબાવ્યો. સાક્ષાત્ શ્રીહરિ પોતાને ઘેર આવ્યા હોય તેવો **આનંદ** તેમને પત્ર આવવાથી થયો. હરિભક્તોએ પરસ્પર સાકર વહેંચી. હરખથી ગરબીઓ ગાવા લાગ્યા. વિવાહમાં જેવો ઉત્સાહ હોય તેવો **ઉત્સાહ** વધારે ને વધારે થવા લાગ્યો. સમૈયા પહેલા પંદર દિવસ અગાઉ પત્ર આવ્યો હતો. જેનાં મનમાં શ્રીહરિની સેવા કરવાનો જેવો પ્રેમભાવ હતો, તે પ્રમાણે લાભ લેવા માટે ગામે ગામના તે હરિભક્તો સેવાનો સામાન ભેળો કરવા લાગ્યા. બીજા તો અનેક પ્રકારના લાભ હોય છે, પણ તે સહુ કરતા શ્રીહરિની સેવા કરવામાં નરનારી હરિભક્તોએ વધારે લાભ દેખ્યો. શ્રીહરિની સેવામાં જેટલું ધન ઉપયોગી થાય તેટલો વધારે લાભ મળે, તેમ સહુ હરિભક્તો માનતા હતા. કોઈ હરિભક્તે સોનેરી વસ્ત્ર તો કોઈએ રૂપેરી વસ્ત્ર અને કોઈ હરિભક્તે સોનાનાં વિવિધ

આભૂષણો તૈયાર કર્યાં.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૪૯)

ગઢડામાં બિરાજમાન ભગવાન શ્રીહરિને વડતાલ જવાનો સમય થઈ ગયો હતો. જે કાઠી દરબારો મહારાજ સાથે જવાના હતા તે બધા આવી ગયા હતા. દાદાખાચરના દરબારમાં બધા સભા ભરીને બેસી ગયા હતા. નાજા જાગિયાએ મહારાજની માણકી ઘોડી તૈયાર રાખી હતી. એટલામાં ભગવાન શ્રીહરિ પધાર્યા. ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી વાત કરતાં કહ્યું : ''આવા સમૈયા-ઉત્સવમાં સંતો-હરિભક્તો આવે, તેમના સૌના દર્શન થાય, એકબીજા સાથે ભળી જવાય, સુહૃદભાવ વધે, મન ઘસાય, સ્વભાવ ઘસાય, ખોટી ટેવો છૂટી જાય. આ બધું અન્ય સાધન કરતાં કોઈ દિવસ ટળે નહીં. આવા **દિવ્ય સત્સંગ**નું આ **ફળ** છે.'' આટલી વાત કરીને મહારાજ ઊભા થયા.

પછી મહારાજે લાધા ઠક્કરને બોલાવીને કહ્યું : ''રામદાસ સ્વામી ચરોતરમાં છે તેમને કાગળ લખજો કે ફૂલદોલના ઉત્સવમાં પાંચ દિવસ વહેલા અમે વડતાલ પહોંચી જઈશું. હુતાશનીને દિવસે પહેલા ક્યારેય કર્યો ન હોય તેવો મોટો રંગોત્સવ કરવો છે. માટે વીસ-પચ્ચીસ ગાડાં ભરી કેસૂડાનાં ફૂલ મંગાવજો. મોડું કરશો નહીં. અને ખાખરાના ઝાડ હોય ત્યાં પત્ર લખજો. ઘોડાસરથી ઠાસરા સુધીમાં કેસુડા થાય છે, તે મંગાવજો અને દસ ગાડાં ગુલાલ સંભારીને મંગાવજો. પિચકારીઓ બનાવવાને માટે નવા સુંદર વાંસના પાંચ ગાડાં મંગાવજો અને વધારે જોઈશે તો અમે પછી મંગાવશું. જ્યાં જ્યાં જે જે સંતના મંડળ રહ્યા હોય, તેમને પત્ર લખીને તત્કાળ બધાને વડતાલ બોલાવજો. બીમાર અને વૃદ્ધ, બધા જ સંતો આવે. આ વખતે **અદ્‌ભુત ઉત્સવ** થશે..!

દ્વારકા, કચ્છ, મારવાડ વગરે દેશોમાં પણ પત્ર લખ્યા છે. કોઈ સંદેહ રાખ્યો નથી. ગ્વાલિયર **પત્ર** લખીને મોકલ્યો છે. નિમાડ અને ખાનદેશમાં પણ અમે પત્ર લખ્યા છે. સુરતથી આગળ મુંબઈ સુધી, ઉના અને દીવ સુધી તથા માંગરોળ બંદર સુધી અમે પત્ર લખ્યા છે. ઉપર લખેલા દેશોની વચ્ચેના જેટલા પ્રદેશો છે, તે બધી જગ્યાએ અમે સંભારીને પત્ર લખ્યા છે. અનેક મનુષ્યોનો મોક્ષ કરવાને માટે અમે મનમાં ધાર્યું છે. અને એટલા માટે જ **ઉત્સવ** કરીએ છીએ. હર કોઈ પ્રકારે અમને યાદ કરશે તો તેનો ઉદ્ધાર થશે. આવું ઉત્સવનું **શ્રેષ્ઠ ફળ** છે.''

આ પ્રમાણે લાધા ઠક્કરને વાત કરી સૂચના આપી પોતે માણકી ઘોડી ઉપર બિરાજમાન થયા. કાઠી ભક્તો પણ પોતપોતાના અશ્વ ઉપર બેસી ગયા. સૌ રાહ જોઈ રહ્યા હતા, માણકી ઊપડે એટલે પાછળ નીકળીએ. ભગવાન શ્રીહરિએ સં. ૧૮૭૨નો ફૂલદોલોત્સવ વડતાલમાં ઉજવવાનું નક્કી કર્યું. તેથી મહારાજ સહુ અસવારો સાથે વડતાલ જવા તૈયાર થયા.

ભગવાન **શ્રીહરિ** માણકી ઉપર અસવાર થયા, લગામ પકડી ચોકડું ખેંચ્યું, પરંતુ માણકી સ્થિર થઈ ઊભી હતી ! મહારાજને થયું : ''કેમ માણકી આજે ડગ ભરતી નથી ! રોજ ઈશારામાં સમજી જાય છે અને આજે એને શું થયું ? કેમ હઠ પકડી ?''

ભગવાન શ્રીહરિએ ફરી ચોકડું ખેંચ્યું. જોરથી પેટમાં પેંગડું ભરાવ્યું. નાજા જોગિયા પણ તેના ઘોડા ઉપરથી ઊતરી માણકી પાસે આવ્યા. તેની પીઠ થાબડી છતાં માણકી અચળ હતી ! સૌ જોઈ રહ્યા. મહારાજની આજ્ઞામાં સદા વર્તનારી, મહારાજની મરજીને જાણનારી માણકીને આજે આ શું થયું ? નાજા જોગિયાએ હાથમાં લગામ લઈ, આગળ જઈ, માણકીને દોરવાનો પ્રયત્ન કર્યો, પણ માણકી તો સ્થિર જ હતી. જાણે તેના ડાબલા ધરતીમાં ચોંટી ન ગયા હોય ! મહારાજ વિચારમાં પડી ગયા.

પછી ભગવાન શ્રીહરિ સમજી ગયા કે, અહીંથી પરિયાણ નથી કરતી તેનું કારણ અમારા કરતાં તેને સંદેશો વહેલો પહોંચી ગયો છે. પછી નીચે ઊતરીને મહારાજ સીધા લાડુબા, જીવુબા પાસે ગયા. બધી બાઈઓ આથમણા બારના ઓરડાની જેર ઉપર ઊભી હતી. મહારાજ ઓશરી ઉપર ચઢી ગયા. મહારાજે લાડુબા તથા જીવુબાને હાથ જોડ્યા. પછી કહ્યું : ''તમારી મરજી આ માણકી જાણી ગઈ છે. અમે વડતાલ જઈએ છીએ. તમને છેવટનું મળાયું નથી, રજા લીધી નથી તેથી માણકી અમને જવા દેતી નથી. તમે તેને વૃત્તિથી બાંધી લીધી છે. અમને તેણે હઠથી રોકી લીધા છે. માટે હવે રાજી થઈ રજા આપો તો વડતાલ જઈએ. ત્યાં મોટો રંગોત્સવ કરવો છે, હજારો હરિભક્તો આવશે, માટે રાજીથી રજા આપો !''

લાડુબા-જીવુબા તથા બધી સ્ત્રીઓ ભગવાન શ્રીહરિના શબ્દો સાંભળી હસવા લાગી. જીવુબાએ મહારાજને પગે લાગીને કહ્યું : ''પ્રભુ ! પધારો, પણ પાછા વહેલા ગઢપુર આવી જજો. માણકી તો અમારી બેન છે, એટલે તે તો અમારો જ પક્ષ લીધો. આપ તો નમેરા થઈને ચાલ્યા જતા હતા, પણ હવે સિધાવો.''

લાડુબા-જીવુબાની આ બહેનપણીએ આજ માણીગર શ્રીહરિને મૂંઝવી દીધાં. છેવટે બંને બહેનોને મહારાજે કહ્યું : ''અમે વડતાલ રામનવમી કરીને વહેલાં વહેલાં પાછા આવીશું. માણકીને મનાવો.'' બંને બહેનોએ ભગવાન

શ્રીહરિને હાથ જોડ્યા અને માણકીને ઈશારો જ ફક્ત કર્યો કે એ મહારાજને લઈ વડતાલ જવા સંચરી ! સંચરી તે કેવી ! ઝટ આવે વડતાલ ! આ **લીલાપ્રસંગનું વર્ણન** કરતા સ.ગુ. પ્રેમાનંદ સ્વામી કીર્તનમાં કહે છે : **'માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઈ, આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઈ; ગરુડ લાજ લોપી માણકીએ સોઈ, માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી...'**

ભગવાન **શ્રીહરિ** વડતાલ જવા સંચર્યા એ વખતના સાક્ષી સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણી' ગ્રંથમાં **માણકી ઘોડી**નું તાદૃશ **વર્ણન** કર્યું છે :

'આપે અશ્વે થયા અસવાર, સંગે સખા હજારો હજાર;
તે પણ તોરંગે થયા તૈયાર, શોભે અશ્વ અતિશે અપાર.
મેલા મજિઠા નીલા નવરંગ, રાતા માતા જે તાતા તોરંગ;
હરડા હાંસલા રોઝા રૂપાળા, આકળા ઉતાવળા બાવળા.
વળી ઘોડી ઘણી જાતવંતિ, એક એકથી ઓપે છે અતિ;
હર્ણિ માણકવર્ણિ વીજળી, કપિ ક્યાડી કેશર વાંગળી.
લખી લક્ષ્મી લાડકી લાલ, બેરી બોદલી ચાંદલી ઉતાલ;
મલી માછલી રેડી રૂપાળી, પંખાળી સોઝવાળી શિંગાળી.
તિખિ તાજણ્યું જવાદ્યું જાણો, ફૂલમાળ પટુઈ પ્રમાણો;
છબિલી ને છોગાળી એ આદિ, ઘણી ઘોડી રૂડી રાયજાદિ.
કર્યા કાઠીએ સજ્જ કેકાણ, માંડ્યાં શંખલાદિ પલાણ;
ચડ્યા માણકીએ મહારાજ, તેણે માંડ્યો છે સોનેરી સાજ.
ચાલી ઘોડા તણી ઘણી ઘટ, શ્યામ સંગે છે સખા સુભટ;
આવે વાટમાંહિ ગામ ઘણાં, કરે દર્શન જન હરિતણાં.
કોઈ કહે રહો ઈયાં રાજ, કોઈ કહે જમી ચાલો મહારાજ;
કોઈ કહે રહો ઘડીવાર, અમે ચાલવા છીએ તૈયાર.
એમ આવી આડાં જન ફરે, તેને અલબેલો ઉત્તર કરે;
કહે કેડ્યેથી આવજ્યો તમે, છીએ આજ ઉતાવળા અમે.
એમ કહીને ધ્રોડવી ઘોડી, માણક્યવર્ણી જે માણકી રૂડી;
જાણ્યું છૂટ્યો કમાનથી તીર, ખર્યો તારો અંબરે અચિર.
જાણ્યું પાંખે ઉડ્યો પન્નગારિ, વેગ તોપ ગોળા થકી ભારી;
સખા સહુ રહ્યા સામું જોઈ, સંગે પહોંચી શક્યા નહિ કોઈ.
પછી કેડ્યેથી કીધો છે ધ્રોડ, જોરે હાંકે ઘોડા જોડાજોડ;
ફરકે છોગાં માથે મોટી પાગે, કરે અમર પંખા એવું લાગે.
અતિ પર્શેવે પલળ્યાં અંગ, ઘણે શ્વાસે ભરાણા તોરંગ;
ત્યારે પોત્યા છે પ્રભુજી પાસ, આંબાતળે દિઠા અવિનાશ.
એક કરે ગ્રહિ કેશવાળી, બીજે કરે ગ્રહિ આંબા ડાળી;
સામું જોઈને હરિ હસિયા, કહે કેડ્યે કેમ રહી ગિયા.
ત્યારે બોલ્યા સખા કર જોડી, નાથ અમે થાક્યા ધ્રોડી ધ્રોડી;
પણ કોઈથી પહોંચાણું નહિ, તેહ સારું કેડ્યે ગયા રહી.
આવું ધોડશો જો તમે નાથ, તો અમે પહોંચી શકીએ ન સાથ;
એમ કહીને જોડિયા પાણ, પછી સંગે ચાલિયા સુજાણ.'

(શ્રી ભક્તચિંતામણી : પ્ર. ૭૯/૨-૧૭)

## માણકીએ બહેનપણીની લાજ રાખી :

ઝાલાવાડમાં લીંબડી પાસે **દેવળિયા** ગામ છે. આ ગામના દરબાર **જાલમસિંહજી** અને એમના માતુશ્રી **કેશાબા** ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતાં.

એકવખત **શ્રીજીમહારાજ** કાઠી-દરબારો સંગે દેવળિયા પધાર્યા. અહીંના દરબાર જાલમસિંહ, તેમના માતુશ્રી કેશાબા આદિક સંબંધીઓ તથા ગ્રામજનોએ મહારાજનું સામૈયુ કરીને દરબારગઢમાં પધરાવ્યા. જાલમસિંહના દરબારગઢની બાજુમાં જ **હરિમંદિર** હતું. તેની ઊભણી એક માથોડું ઊંચી હતી. ત્યાં ઢોલિયો ઢળાવી ભગવાન શ્રીહરિને બિરાજમાન કર્યા. હરિમંદિરના ફળિયામાં મહારાજની માણકી બાંધી. કાઠી-દરબારોનાં ઘોડા દરબારની ઘોડશાળમાં બંધાવ્યા. તેમનો ઉતારો પણ દરબારગઢમાં રાખ્યો.

થોડીવારમાં વર્ણીએ દરબારગઢમાં શ્રીજીમહારાજ સારુ રસોઈ કરી. મહારાજ દરબારગઢમાં જમવા પધાર્યા. જમીને કાઠી ભક્તોને કંસાર જમાડ્યો. ઉપરથી દૂધ પીરસ્યું. સૌને મહારાજે તૃપ્ત કરી દીધા. પછી મહારાજે કહ્યું : "કાલે વહેલી સવારે ચાલવું છે."

તે સાંભળી દરબાર જાલમસિંહના માતુશ્રી કેશાબાએ કહ્યું : "મહારાજ ! કાલે જમીને ચાલવાનું છે."

ભગવાન શ્રીહરિએ તરત જ કહ્યું : "અમે રોકાવાના નથી. આ ફેરે તમારું ધાર્યું થાય તેમ નથી."

કેશાબાએ હાથ જોડી કહ્યું : "તમે તો ભગવાન છો એટલે તમારી પાસે અમારું ધાર્યું શી રીતે થાય ? પણ અમારા ગરીબનું કાંઈ માનો. બીજા મહેમાન હોય તો કોટિ ઉપાયે જવા ન દઈએ એવી યુક્તિ કરીએ, પણ તમારી આગળ અમારું ચાલે તેમ નથી."

શ્રીજીમહારાજે કેશાબાની વાત સાંભળી ને મંદહાસ્ય કરતાં કહ્યું : "તમારી યુક્તિ પણ અમારી પાસે ચાલે તેમ નથી."

કેશાબાએ હાથ જોડી દીધા. પછી ધીરે રહીને બોલ્યા : "એ તો પારખાં થયે ખબર પડશે."

જાલમસિંહ દરબારે પૂજન કર્યું અને ચરણકમળમાં થાળ ભરી રૂપિયા મૂક્યા. મહારાજ ઉતારે જઈ પલંગમાં પોઢી ગયા. કાઠી દરબારો પણ સુંદરિયાણાથી અહીં એકધારા આવ્યા હતા એટલે સૌ સૂઈ ગયા.

બરાબર મધ્યરાત્રિએ દરબાર જાલમસિંહ અને કેશાબા મહારાજના ઉતારે ગયા. કેશાબાએ ધીરેથી માણકી ઉપર હાથ ફેરવ્યો અને બોલ્યા : "માણકી ! મારી બહેન ! આજે તારે મારી ભેરમાં રહેવાનું છે."

માણકી સમજી ગઈ. જરાય હણહણી નહીં. ધીરેથી માણકીને છોડીને દરબારગઢમાં લઈ આવ્યા. અહીં કેશાબાની ઓરડીની બાજુના જ ઓરડામાં માણકીને બાંધી, લીલું ઘાસ નીર્યું. ફરી કેશાબાએ માણકી ઉપર હાથ ફેરવતાં કહ્યું : "માણકી ! આજે તારે મારી લાજ રાખવાની છે. મારાથી મહારાજ આગળ બોલાઈ ગયું છે કે પારખાં થયે ખબર પડશે. મારી બહેન છો ને ! આજે મહારાજ બોલાવે તોયે બોલીશ નહીં હો !" એમ કહીને કેશાબા તથા જાલમસિંહ ઓરડો બંધ કરીને દરબારમાં ગયાં.

કેશાબાએ રસોયા બ્રાહ્મણને ઉઠાડ્યો. તેને કહ્યું : "ભૂદેવજી ! ઝટ રસોઈ માંડી દ્યો. મહારાજને વહેલા પધારી જવું છે તે કાંઈ ભૂખ્યા મોકલાય ?"

બ્રાહ્મણ આંખો ચોળતો ઊઠ્યો. નાહીને પરવારી તેણે રસોઈની શરૂઆત કરી દીધી. પાછલી રાત રહી એટલે કાઠી-દરબારો, પાર્ષદો સૌ ઊઠ્યા. સૌ પોતપોતાના ઘોડા ઉપર પલાણ માંડવા લાગ્યા. નાજા ભગતે પણ પોતાના ઘોડા ઉપર પલાણ માંડી દીધું. પછી માણકી છોડવા માટે તે ગયા. પણ આ શું ? ખીલે માણકી જ ન દીઠી ! તેને ફાળ પડી. માણકી ક્યાં ? મહારાજ એકલા તો ઊપડી નથી ગયા ને ? તેણે મહારાજના ઢોલિયા તરફ જોયું. પરંતુ મહારાજ તો હજુ યોગનિદ્રામાં જ હતા. તે ત્યાંથી દોડ્યા. દરબારગઢમાં આવ્યા. ઘોડશાળમાં તપાસ કરી. બધા જ ઘોડા જોયા પણ માણકી દીઠી નહીં. તેનું હૈયું જોરથી ધડકવા લાગ્યું. તેણે દરબાર જાલમસિંહને જગાડ્યા. દરબાર સફાળા બેઠા થયા : "કોણ છે ?"

"એ તો બાપુ, હું નાજા ભગત."

"નાજા ભગત ? કેમ ? મહારાજ બોલાવે છે ?"

"ના, બાપુ ! મહારાજ તો હજુ પોઢ્યા છે પણ માણકી દેખાતી નથી. ખીલે બાંધી હતી ત્યાં નથી, આ ઘોડશાળમાં પણ નથી. માણકી ક્યાં ગઈ ?" નાજા ભગત ઉતાવળા બોલવા લાગ્યા.

"માણકી ? માણકી ક્યાં ગઈ ?" એમ કહીને ખાટલામાંથી બાપુ ઊભા થઈ ગયા. તરત જ પડખે પડેલી તલવાર ભેટે બાંધી. માથે ફાળિયું વીંટી લીધું. "અરે નાજા ભગત ! આ તો મારી આબરૂના કાંકરા થઈ જાય. મારા દરબારગઢમાંથી માણકી કોણ ઉપાડી જાય ?" એમ કહી તે નીચે ઊતર્યા.

જાલમસિંહજી ભગવાન શ્રીહરિના ઉતારે ગયા. ત્યાં જોયું. આજુબાજુ બધે જોયું. એટલામાં મહારાજ જાગ્યા. ઉતાવળાં ઉતાવળાં પ્રાતઃવિધિ કરી લીધી અને પછી દરબારમાં પધાર્યા. એટલે કેશાબા તરત જ મહારાજ પાસે આવ્યાં. તેમણે મહારાજને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! હજુ પહર વેળા પણ થઈ નથી. આવડી ઉતાવળ કાં ?"

ત્યારે મહારાજ કહે : "અમારે હવે ચાલવું જોઈએ. તમારી રજા લેવા આવ્યા છીએ."

કેશાબાએ હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ ! તમે ભગવાન છો. સમરથ છો. અમારા રોક્યા રોકાવ એવા નથી. તો પધારો."

એટલામાં નાજા ભગત ત્યાં આવ્યા. તેણે ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું : "મહારાજ ! માણકી જડતી નથી. ખીલે બાંધી હતી ત્યાં નથી, ઘોડશાળમાં પણ નથી. દરબાર માથે ફાળિયું વીંટીને ગોતવા નીકળ્યા છે."

"શું કહ્યું ? માણકી જડતી નથી ? તો ગોતવા નીકળો. બાપુ એકલા ગયા છે તો કાઠી દરબારોનાં પણ ઘોડા દોડાવો. પગીને પણ લઈ જાવ સાથે. પગેરું કાઢો. કોણ માણકીને ઉપાડી જવાવાળો છે ?" મહારાજે એકદમ કહ્યું.

"મહારાજ ! આ તો ગજબ થઈ ગયો કહેવાય ! અમારા દરબારમાંથી માણકી ખોવાય તો તો અમારી આબરૂના કાંકરા થાય ને ! લોકમાં આંગળી ચીંધામણું થઈ જશે !" કેશાબા બોલ્યા.

"હા, આંગળી ચીંધામણું તો થશે કે આ કેશાબાના દરબારમાંથી **માણકી** અલોપ થઈ ગઈ ! માણકીને બીજાનો હાથ અડે કે તરત હણહણે. આ તો વગર બોલ્યે માણકી હાલી નીકળી. આજ તો અમારાંય પારખાં થઈ ગયાં !"

કેશાબા આ સાંભળી મનમાં હસ્યા.

થોડીવારે જાલમસિંહ બાપુ, દરબારો, પગી બધા આવી ગયા. સૌનાં મોઢાં પડી ગયા હતાં. પગીએ કહ્યું : "મહારાજ ! માણકીનું પગેરું જ મળતું નથી."

"તો શું માણકીને પાંખો આવી ? ગઢપુરમાં લાડુબા, જીવુબાએ અમારી લાજ લીધી. કરિયાણામાં મીણબાએ લાજ લીધી અને આજ આ કેશાબા અમારી લાજ લેવા તૈયાર થયાં છે." મહારાજે હસતાં હસતાં કહ્યું.

"મહારાજ ! ભગવાનને ભક્તની લાજ રાખવાની ખેવના છે એટલે આવાં આવાં ચરિત્રો કરે છે." કેશાબાએ હાથ જોડીને કહ્યું.

થોડીવારમાં મંદિરમાં રહેતા **ધ્યાનદાસ વેરાગી** ત્યાં આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! કેશાબાએ

કહેવડાવ્યું છે કે મહારાજ જો જમીને નીકળવાનું કબૂલ કરે, તો તેઓ માણકી ગોતી આપે.''

આ સાંભળી મહારાજે જાલમસિંહ બાપુ તરફ જોઈને પૂછ્યું : ''બાપુ! માણકી ક્યાં છે?''

બાપુએ તરત કહ્યું : ''મહારાજ! હું માણકીને ઓળખું છું. તમારો સાદ સંભળાય કે તમારાથી થોડી જુદી પડે એટલે તરત જ હણહણાટ કરે. અહીં હોય તો બોલાવો. આખા દરબારગઢમાં ફેરવું.''

ભગવાન શ્રીહરિએ તરત જ માણકીને સાદ કર્યો. એક વખત, બે વખત, ત્રણ વખત પણ ક્યાંયથી અવાજ આવ્યો નહીં. બાપુ સાથે મહારાજ આખા દરબારગઢમાં ફર્યા. પણ માણકીનો અવાજ સંભળાયો નહીં. પછી પાછા મહારાજ દરબારમાં આવ્યા. મહારાજે કહ્યું : ''કેશાબા! અમે જમીને નીકળીશું પણ માણકીને લઈ આવો.'' એટલામાં માણકી હણહણી. મહારાજે સાંભળ્યું. મહારાજ બોલ્યા : ''માણકીનો અવાજ! ક્યાં છે?''

કેશાબાએ તરત જ મહારાજને કહ્યું : ''હાલો મારી સાથે.''

ભગવાન શ્રીહરિ કેશાબા સાથે ગયા. પોતાના ઓરડાની બાજુનો ઓરડો કેશાબાએ ઉઘાડ્યો. માણકી હણહણવા લાગી. મહારાજને જોઈ ઊંચી-નીચી થવા લાગી. મહારાજે માણકી ઉપર હાથ ફેરવ્યો એટલે તે શાંત થઈ. પછી કહ્યું : ''અત્યાર સુધી કેમ બોલતી નહોતી ? કેશાબાએ બહેન બનાવી દીધી હતી એટલે?''

કેશાબાની આંખમાંથી આંસુ ચાલ્યા જતાં હતાં. તેમણે કહ્યું : ''પ્રભુ! જેમ આપ ભક્તવત્સલ છો, તેમ માણકી પણ **ભક્તવત્સલ** છે. તેણે આજે મારી લાજ રાખી છે.''

''કેશાબા ! માણકી મુક્ત છે. તે પ્રેમની ભાષા સમજે છે.'' મહારાજે કહ્યું. પછી એકદમ ઉતાવળા થઈને બોલ્યા : ''લ્યો, હવે ઝટ જમાડી દ્યો. બહુ મોડું કરવું નથી.''

દેવળિયામાં **ભગવાન શ્રીહરિ** કેશાબા અને દરબાર જાલમસિંહની ભક્તિરસથી સભર થાળ જમ્યા અને તરત જ ત્યાંથી નીકળી ગયા.

(પ.ભ. શાસ્ત્રી લક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ : પ્ર. ૪૦ના આધારે...)

### માણકી ઘોડી સૌથી આગળ નીકળી :

પડવાને દિવસે પ્રભાતમાં **મહારાજ** સવાર થઈને ઓરીયે પધાર્યા ને ત્યાં ઢોરા ઉપર બિરાજમાન થયા. પછી કાઠીઓના બે બે સવાર ભેળા કરીને પાટીઓ કઢાવી તેમાં માણકી સૌથી આગળ નીકળી, તેનાં મહારાજે વખાણ કર્યાં. પછી મહારાજે આજ્ઞા કરી તેથી સર્વે સવારો સામસામા ગોટે આવ્યા તે વખતે પણ માણકી સૌથી આગળ ચડી. પછી સર્વે ઊતરીને હેઠા બેઠા ને પોંક લાવ્યા તે પાડીને પ્રથમ મહારાજને સાકર ને પોંક જમાડ્યા ને પછી મહારાજની પ્રસાદી સૌ જમ્યા. પછી મહારાજ માણકી ઉપર સવાર થયા ને તેને પાટીએ હાંકી એવા અલૌકિક દર્શન કરવા સાક્ષાત બ્રહ્મા આવ્યા ને મહારાજના કંઠમાં દિવ્ય કમળની માળા પહેરાવી. ને સર્વે પરમહંસો તથા હરિભક્તો પણ મહારાજની લીલા જોઈ ઘણા રાજી થયા ને મહારાજના કંઠમાં દિવ્ય કમળની માળા જોઈ સર્વે આશ્ચર્ય પામ્યા. પછી મહારાજ સર્વે સાથે દરબારમાં પધાર્યા, ને તે દિવસ અન્નકોટનો ઉત્સવ હતો તેથી ભાત ભાતના ભોજનોનો મહારાજ આગળ અન્નકૂટ પૂર્યો તેમાંથી મહારાજ જમ્યા ને પછી તે પ્રસાદી સર્વેને પીરસીને મહારાજે જમાડ્યા પછી પોતે અક્ષર ઓરડીમાં પોઢવા પધાર્યા.

(શ્રીહરિચરિત્રચિંતામણી : ભાગ-૨, વાત નં. ૧૦)

### માણકી ઘોડી ઉપર ચઢી રોઝને તગડ્યાં :

એકવખત **ભગવાન શ્રીહરિ** ઘેલા નદીએ સંતો-પાર્ષદો અને હરિભક્તોના સંઘને લઈને ઘેલે ન્હાવા પધાર્યા હતા. ત્યાં દક્ષિણાદે ખળખળિયો છે, ત્યાં નહાયા પછી પીપળને માર્ગે ઉગમણા ચાલ્યા. ત્યાં રોઝનું મોટું ટોળું ઉત્તરાદા ખેતરમાં ભાળ્યું. મહારાજે પાળાઓ પાસે હડકારા કરાવ્યા, પણ રોઝ સામાં ઊભાં રહ્યાં. મહારાજ માણકી ઘોડી મંગાવી ને તે ઉપર ચઢી, હાથમાં સોટી લઈ પાછળ દોડ્યા. બે ઉગમણાં અને બે દક્ષિણમાં ભાગ્યા. પછી મહારાજે માણકી ઘોડીને મંડળે ફેરવી બધાં રોઝને ભેળાં કર્યાં ને એક-એક રોઝને એક-એક સોટી મારીને તગડ્યાં. એમ દસ વખત ભેળાં કર્યાં ને તગડ્યાં. આવી લીલા જોઈ બધા આશ્ચર્ય પામ્યા.

(શ્રીહરિચરિત્રચિંતામણી : ભાગ-૨, વાત નં. ૧૪ના આધારે...)

### માણીગર માવની માણકી ઘોડી ઉપર અસવારી કળા :

કાઠી-દરબારોને ઘોડેસવારી ખૂબ ગમે. ભગવાન **શ્રીહરિ** સૂર્યપુત્રો (ક્ષત્રિયો)ને વશ કરવા **માણકી**ને અનેક ચાલથી ચલાવતા, કુદાવતા, રમાડતા ને ફૂલની જેમ ફેરવતાં આભમાં ઊંચી ઊંચકી લેતા.

એકવખત ગઢડામાં જીવાખાચરના દરબારમાં સૌ ભેગા થયાં. અહીં શ્રીજીમહારાજ આજે માણકી ને ઓશરી પર દોડાવવાના હતા! માણીગર શ્રીહરિ માણકીને ફૂલની જેમ ફેરવતા ડહેલામાં પ્રવેશ્યાં અને હળવે રહીને દરબારની સો-સવાસો હાથ લાંબી ઓશરીની ઊંચી પરથારે ઘોડી ચઢાવી! ભગવાન શ્રીહરિ **ઘોડેસવારી**ની **અદ્‌ભુત કળા** રજૂ કરવા

લાગ્યા. ઓશરીની થાંભલીએ-થાંભલીએ લાકડાનો આડસર આવે, જો ઓશરીમાં ઘોડી દોડાવવી હોય તો અસવાર વગર દોડાવવી પડે, નહિતર એક પછી એક આવતા આડસર ઘોડેસવારની છાતી પર જ સીધા ધડીંગ... ધડીંગ... ઝીંકાય. ભગવાન શ્રીહરિ માણકીની પીઠ પર બેસીને સાત-સાત આડસર ઓળંગાવવા લાગ્યા. શ્રીજીમહારાજે માણકી ઘોડીને તીરવેગે દોડાવવા છતાં પાઘનું છોગલું પણ આડસરને અડવા દીધું નહીં. દોડતી ઘોડીએ પીઠ પર શરીર ઝુકાવી દેતા, ને માણકી પણ એવી કે માછલીની જેમ ઢબતી-ઢબતી વેગ લેતી. એ જોવા ઊમટેલા ગઢડા ગામના સૌ કોઈ જનો **આશ્ચર્યચકિત** થઈ ગયા ! જોનાર સૌ ભગવાન શ્રીહરિની આ અસવારી કળા પર વારી ગયા.

### માણકી જ્યાં જાય ત્યાં આપણે જવું :

ગઢપુરમાં **શ્રીજીમહારાજ** બિરાજમાન હતા. અને કારિયાણીથી વસ્તાખાચર મહારાજને તેડવા આવ્યા, અને પંચાળાથી ઝીણાભાઈ તેડવા માટે આવ્યા, અને સારંગપુરથી જીવાખાચર મહારાજને તેડવા માટે આવ્યા. પછી મહારાજે **કારિયાણી** જવાનો ઠેરાવ કર્યો અને રસોયા સાધુને આગલે દિવસે કારિયાણી મોકલ્યા. પછી મહારાજ સવારમાં સાબદા થઈને ચાલ્યા. તે રસ્તે જતા જ્યાં પીપળિયાનો મારગ જુદો પડે છે ત્યાં ગયા. તે વખત **જીવાખાચર** સાખી બોલ્યા જે, **'ધીંગે દીધેલ ધાન, આડા ઓડા બાંધીને; રાંક રટેલ નહિ રામ, સમજાવે તને કોણ શામળા.'**

પછી મહારાજ બોલ્યા જે, "જીવાખાચર ! શું બોલ્યા ?" જીવાખાચર કહે, "મહારાજ ! કાંઈ નહીં." મહારાજ કહે, "જે બોલ્યા હો તે કહો." પછી જીવા ખાચરે મહારાજને કહ્યું જે, "મહારાજ ! અત્યારે વસ્તા ખાચરના ઘરમાં લાખ રૂપિયા છે; માટે તેને સૌ સારું લગાડે, પણ ગરીબને કોણ સારું લગાડે ?" પછી મહારાજ બોલ્યા જે, "માણકી જ્યાં જાય ત્યાં આપણે જાવું." પછી માણકીની ડોક ઉપર સરક મૂકી, એટલે માણકી પીપળિયાના મારગે ચાલી. ત્યારે મહારાજ કહે, "સૌ ચાલો સારંગપુર." ત્યારે વસ્તા ખાચર ઉગામેડીના મારગે ચાલી નીકળ્યા. ત્યારે **જીવાખાચર** બોલ્યા જે, "મહારાજ પધારે ને તમે નહિ આવો તો મારે તમારી સાથે બોલવાનો વહેવાર નહિ રહે." પછી મહારાજે વસ્તા ખાચરને સમજાવીને સારંગપુર લીધા અને બે સ્વાર મોકલી રસોયા સાધુને કારિયાણીથી **સારંગપુર** બોલાવ્યાં.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૧૨૧)

### માણકી ઘોડી આગળ બીજા ઘોડા ઝાંખા થઈ ગયાં :

એકવાર ભગવાન શ્રીહરિએ કાઠી ભક્તોને કહ્યું : "દરબારો ! સૌ **ઘોડા** સાબદાં કરો. આપણે **નાળીયેરી ધાર** (ડુંગર) પર જવું છે. કોણ ટોચ પર પહેલું પહોંચે છે, તે જોઈએ."

સુરાખાચર કહે : "મહારાજ ! તમે તમારું **ભગવાનપણું** આ દરબારગઢમાં જ મૂકીને માણકી પલાણો તો **હોડ** કરીએ." આ સાંભળી મહારાજ મરક મરક હસવા લાગ્યા. પાણિયાળી વોકળીથી ઉગમણી દિશાએ નારીયેળી ધાર આવેલી છે. તેના પર ઘોડા દોડાવતાં ચઢવાનું **આયોજન** થયું. સૌએ ઘોડા પલાણ્યાં. એક..., બે..., ત્રણ...ના ઈશારે હોડ થઈ.

માણીગર શ્રીહરિએ માણકીની શંખવાઘનો સ્પર્શ કર્યો. માણકી આભમાંથી તારો ખરે તેમ જાણે કે ઊડવા લાગી ! વાગડદા... થાગડદા... બાગડદા... કરતી નાળીયેરી ડુંગરાની ધાર પર પહોંચી ને પહોંચી એવી ધરતીને બથું ભરતી પાછી વળી. કાઠીઓને અડધે ડુંગરે સામી મળી ! બધાએ ઘોડા વીલે મોઢે પાછાં વાળ્યાં ! સૂરજના તેજમાં તારલા ઝાંખા પડે તેમ કાઠીઓના ઘોડા માણકી ઘોડીની આગળ ઝાંખા થઈ ગયાં હતાં !

દરબારો તો આફરીન જ થઈ ગયા. કહેવા માંડ્યા : "અહોહો ! માણકી તે કાંઈ માણકી છે ! ધરતી કરતાં આભમાં વધુ ઊડે છે !"

એકવખત માણકીને શ્રીજીમહારાજે ગઢડામાં **મઘરિયે ડુંગરે ઠેઠ ટૂંક** પર પણ ચઢાવી હતી. આ જ માણકી ઉપર બિરાજમાન થઈ ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ ભક્તોની ભીડ ભાંગવા રાતોરાત સંચરતા ને સૂર્ય ઊગે તે પહેલા પાછા આવી જતા ! કેટલાક ભક્તોને અંતકાળે તેડવા માણકી પર બેસીને ગયા છે !

### માણકીએ ઊડીને આઠ હાથ ઊંચે ઠેક ભરી :

એવખત ગઢડાની બાજુના રાયપુર ગામના માર્ગથી ઉત્તરાદિ કોરે સુમાબાઈની વાડીના **દક્ષિણ શેઢે** દરબારોએ ઘોડાંઓની **પરીક્ષા** રાખી.

ભગવાન શ્રીહરિએ કહ્યું : "વાડીના પડામાંથી ઘોડીને ઠેકાવવાની, વચ્ચે આવતો રાયપુરનો મારગ સળંગ ટપીને ઘોડી ઊંચી વાડ ઓળંગી લક્ષ્મીવાડીમાં પગ મૂકે, આવું ગોઠવો." આ સાંભળી કાઠી-દરબારો એકબીજાની સામે જોવા માંડ્યાં. એમ કે છ-છ હાથ ઊંચી ને થોરથી ઘાટી વાડ ને વચ્ચેનો પહોળો મારગ ! આપણાં ઘોડાંનું ગજું નહિ.

ભલભલા ઘોડેસવારોએ પણ નનૈયો ભણ્યો.

મહારાજ કહે : ''બસ, દરબારો! પાણી ઊતરી ગયું ?''

ભગવાન શ્રીહરિએ માણકીને તૈયાર કરી. પોતે બોકાની વાળી લીધી. હડાપ દઈ સવાર થયા. માણકીને વેગમાં લીધી. ઉત્તરાદે શેઢે માણકી આવતાં જ ટૂંકી વાઘ ખેંચી કે વા વાય ને આંકોલિયાનું તૂર ઊડે એમ માણકી ઊડી ને આઠ હાથ ઊંચે ઠેક ભરી. પાંપણને પલકારે ઝુમ્મ... કરતી વાડ ટપી, રાયપુરનો મારગ ઓળંગી, લક્ષ્મીવાડીમાં હળવે હેલારે ડાબા દીધા. જાણે આભમાં ઊડતું, વાયરે રમતું, હળવે રહી ધરતીને અડતું ગેલ કરતું ફૂલડું જોઈ લો!

### મહારાજની માણકીની ભેળે તો આપણાં ટારડાનો ગજ નો વાગે :

ભગવાન **શ્રી સ્વામિનારાયણ** પણ અશ્વશાસ્ત્ર-શાલિહોત્રમાં વર્ણવેલ અસવારી-કળાઓ અને તે સિવાયની પણ પોતીકી **આગવી કળાઓ** રજૂ કરતા.

એકવખત ગઢડામાં કાઠી-દરબારોને સુરાખાચરે કહ્યું : ''ભણે આજ તો ઘોડાં ખેલવવાં છે.''

ત્યારે **સોમલાખાચર** બોલ્યા : ''ઘોડાં તો ખેલવીએ પણ મહારાજની માણકીની ભેળે તો આપણાં ટારડાનો ગજ નો વાગે.''

સુરાખાચર કહે : ''ભલે મહારાજની માણકી રહે. ઈ જોવાનો તો મજો છે. આપણા ઘોડા કંઈ બધી રમત થોડી જાણે છે!''

પછી ભગવાન શ્રીહરિ કાઠીઓના આગ્રહને વશ થઈ ગામને ગોંદરે માણકીને જુદી જુદી રીતે ખેલવવા હા કહી. કાઠીઓ સૌ હરખાયાં.


બોકાની વાળી **શ્રીજીમહારાજ** માણકી ઘોડીએ અસવાર થયા. પ્રથમ સરકને ચોકડાની બેઉ કડીમાં ભરાવીને એક ધારી રીતે ચલાવવા લાગ્યા. આમ કરવાનું કારણ વારંવાર ચોકડું ડોંચવાની જરૂર ન પડે ને તોપણ ઘોડી લગામમાં રહે, એ હતું. કુશળ કાઠીઓ આ **કરામત** સમજી ગયા.

ભગવાન શ્રીહરિએ ટૂંકી વાઘ અને મોટી વાઘની કરામત દર્શાવી. ટૂંકી વાઘ તાણી કે આભમાંથી તારો ખરે એમ માણકી ગઈ. દોડતી ઘોડીએ સાબૂત રહેવા માણીગર માવ માણકીની ડોક પર ચીપકી ગયા, એક થઈ ગયા!

ટૂંકી વાઘને **શંખવાઘ** પણ કહેવાય છે. રાતોરાત સો-સો ગાઉની ખેપ ભગવાન શ્રીહરિ કરતા ત્યારે આ શંખવાઘ ઝાલી લેતા ને માણકીને જાણે પાંખો ફૂટતી! પલકમાં એ અદૃશ્ય થઈ આભમાં સમાઈ જતી.

વર્તુળ આકારમાં ઘૂમી માણકી ઘડીભર ઊભી રહી ત્યારે **સુરાખાચર** કહે : ''મહારાજ ! હવે ખબર પડી, આપ જે લાંબી ખેપે સંચરો છો ત્યારે આ જ યુક્તિ અજમાવતા હશો, તમારી ગતિને અમે ક્યાંથી આંબીએ !!'' મહારાજે પાંપણ પલકારી મુખ મલકાવ્યું.

માણીગર શ્રીહરિ માણકી નચાવતાં આમ, જાત-જાતની



ઠેક, કળા, ગતિ, મરોડ, કુદાન વગેરે બતાવવા લાગ્યા. ટૂંકી ને મોટી વાઘને એક સાથે તાણી કે તરત માણકી વાંદરાની જેમ ચાર પગે કૂદતી, ઠેકો ભરતી કુંડાળે પડી. આને લોકમાં **લંગુરી ચાલ** પણ કહે છે.

લગામને ઈશારે તો માણકી પાછલા બે પગ પર ઝાડ થઈ ને બીજા ઈશારે એ જ અવસ્થામાં પાંચ-સાત ડગલાં ચાલી ! પણ પીઠ ઉપર બિરાજમાન ભગવાન શ્રીહરિને આંચ આવવા દીધી નહીં ! માણકીની એ ઝાડ અવસ્થામાં માણીગર માવે જમણી લગામથી લગારેક ઈશારો કર્યો કે ઘોડી પાછલા બે પગ પર જ ઊભી ઊભી અડધું ચક્કર ફરી ગઈ ! પૂર્વમુખે હતી તે પશ્ચિમ મુખે થઈ ગઈ.

ભગવાન શ્રીહરિ અમુક રીતે લગામ ખેંચતા ને માણકી ઝાડ થતી પણ તરત ઢીલી મૂકતા કે ફાળ ભરતી હરણની જેમ દોડવા લાગતી. માણીગર માવ એક પછી એક કળા રજૂ કરતા ગયા તેમ તેમ જોનારના હૈયાં થનગની ઊઠ્યાં.

એક **અદ્‌ભુત કળા** બતાવવા શ્રીજીમહારાજે માતરા ધાધલને કહ્યું : "તમારી ઘોડીને માણકીનો પીછો કરાવો."

માતરો કહે : "મહારાજ ! મારું ગજું નહીં !"

ત્યારે મહારાજે કહ્યું : "આપણે **રેવાળ** જ જવું છે, દોડાવવી નથી, પણ તમે પાછળ પચ્ચીસ હાથ છેટે રહેજો. દોડતી માણકી ઓચિંતાની ઝૂડ્યું નાખશે, એટલે પહેલેથી ચેતાવીએ છીએ."

માતરા ધાધલે 'ઠીક' કહી પોતાની તાજણ ઘોડી પલાણી.

બંને ઘોડીઓ કુંડાળે પડી. માણીગર શ્રીહરિ માણકીને ધીરી રેવાળ ચાલમાં ચલાવતા હતા. માતરો ધાધલ પાછળ ત્રીસ હાથ છેટે તાજણ માથે ખદ્યા આવતા હતા. અચાનક ભગવાન શ્રીહરિએ માણકીના પેટમાં બંને પગની એડી અડાડી કે તરત ધણીનો ઈશારો પરખનારી માણકીએ એ જ પળે રેવાળ ગતિ છોડીને ધરતી સાથે ચારે પગ ચોટાડી દીધા, જાણે કે ચુંબક સાથે લોઢું ચોટી ગયું ! ને બીજી ક્ષણે આગલા પગે ઊભી થઈ ગઈ, ઢીંઢું ઊંચું કરી પાછલા પગે ઝૂડ ઝીંકવા લાગી ! માતરો ધાધલ તાજણની ગતિ થમાવવા જો થોડા મોડા પડ્યા હોત તો તાજણનું મોં કે પોતાની છાતી લોહીથી રંગાઈ જાત !

### માણકી ઘોડીના વેગથી ગરુડનું અભિમાન ઊતરી ગયું :

એકવખત લીંબડા નીચે મહારાજે તમામ **લાલ પોશાક** પહેર્યો હતો. ને ઘોડી ઉપર **સોનેરી પલાણ** મંડાવી, સોનેરી મોવડ વિગેરે સામાનથી ઘોડીને લપેટ કરીને, ઘોડીએ ચડીને લીંબડા ફરતા ઘોડીને કુંડાળે ધોડવતા. તે સમયને વિશે હજારો હરિજન જુએ છે તેટલામાં એક મોટો શબ્દ પાંખનો ગર્જનાનો થયો. તે જોઈ માણસ સ્થંભિત થઈ ગયા, અને ત્યાં લીંબડા તળે એક **આશ્ચર્યકારી પક્ષી** જોવામાં આવ્યું. અને તેને મનુષ્યના જેવું મુખ ને નાકને ઠેકાણે ચાંચ એવું મનોહર ભાળ્યું. તે જોઈ માણસ અહો...હો..હો..! એવો શબ્દ કહેવા લાગ્યા તોપણ મહારાજ તેના સામું જોતા નથી.

પછી બે ભુજાએ કરીને ગરુડ સ્વરૂપી પક્ષી મહારાજને પગે લાગ્યું. પછી મહારાજે તેની સામું જોયું ને ઘોડીથી હેઠા ઊતર્યા. પછી તે પક્ષી કિકિયાટ કરી મહારાજ ફરતી **સાત પ્રદક્ષિણા** કરી ચરણારવિંદમાં પડ્યા. અને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો. ને આ માણકી ઘોડીના વેગથી મારું અભિમાન ઊતરી ગયું." એવી રીતે સ્તુતિ કરી અદૃશ્ય થઈ ગયું. એવું સમાધિવાળા સચ્ચિદાનંદસ્વામી વિગેરને જોવામાં આવ્યું અને તે વાત જીવુબાઈએ રાજબાઈ અને લાડુબાઈ પાસે પણ કરી.

(સ.ગુ. શ્રી પરમચૈતન્યાનંદ સ્વામી કૃત
શ્રીજીમહારાજના ચરિત્રો (ગઢપુરની લીલા) : નં. ૧૦૮)

### બગડની ખાણમાં શ્રીહરિ માણકી ઘોડીએ સહિત ઊતર્યા :

કોઈક સમયે ગામ **બગડ**માં શ્રીજીમહારાજ સાધુ, પાર્ષદ તથા સખા સહિત પધાર્યા હતા. માણકી ઘોડીએ અસ્વાર થઈને ગામ વચ્ચે મેદાનમાં અઢાર ગજ ઊંડી એક જૂની જારની ખાણ ખાલી હતી ને તેના ઉપર લાકડું, કૂચો, ધૂળ વગેરે નાખીને તે ઢાંકી મૂકેલી, તેમાં ઘોડી ફેરવતાં ઘોડીએ સહિત મહારાજ તેમાં પડી ગયા. તે સમયે ત્યાં સર્વે જનને તેજનો બિંબ દેખાણો અને તેમાં ઘોડી સહિત મહારાજ તેજોમય દેખાણા. અને તુરત ઘોડીએ સહિત બહાર મનુષ્યરૂપે દેખાતા હતા. કેટલાકને તે ચમત્કાર જોઈને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો.

(સ.ગુ. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો : નં. ૫૨૭)

### સ્વામિનારાયણની માણકી ઘોડી ચોરીને કોણ જાય છે ?

સં. ૧૮૭૨માં વડતાલમાં ભગવાન શ્રીહરિએ જન્માષ્ટમી, જળઝીલણી તથા દશેરાના ઉત્સવો કર્યા અને બામરોલીમાં તખા પગીની વિનંતીથી શરદપૂનમ ઉત્સવ કર્યો. બીજે દિવસે ત્યાંથી મહારાજ વડતાલ, જોળ, વલાસણ, બોચાસણ, વડદલા, માણજ થઈ **રામોલડી** પધાર્યા.

અહીં ભગવાન શ્રીહરિએ કૂવા પર જઈને માણકીને પાણી પાયું. ત્યાં ગામમાંથી **કરણો ગઢવી** આવ્યા. ગઢવી માણકીને પારખી ગયા કે આ તો સ્વામિનારાયણની ઘોડી લાગે છે. ગઢવી મહારાજને ઓળખતા ન હતા, પણ એકવાર

પોતાના મોસાળ નરસંડાથી વડતાલ ગયેલા ત્યારે માણકીએ અસવાર થઈને મહારાજને સ્નાન કરવા જતા તેણે દર્શન કર્યાં હતાં. પાણીદાર **માણકી** એની આંખમાં વસી ગયેલી. અહીં એ જ માણકીને જોઈને એને થયું કે નક્કી આ કોઈક ચોર સ્વામિનારાયણની માણકી ચોરીને જાય છે. એણે તરત જ **પડકાર** કર્યો : ''એય ! આ કોની ઘોડી ચોરીને જાય છે ?''

બધા કાઠી દરબારો અચાનક થયેલા આ પડકારથી ઘડીભર થંભી ગયા. એટલામાં તો કરણો ગઢવી મહારાજ પાસે આવ્યો અને સરક ઝાલી બોલ્યો : ''આ ઘોડી તમે ક્યાંથી લાવ્યા છો ?''

'ઉચર્યા ગઢવી આંખ તાણી, કહો ક્યાંથી ઘોડી તમે આણી;
સુણી બોલિયા શ્રીગિરિધારી, એ તો ઘરની છે ઘોડી અમારી.'

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

બધા કાઠીઓનો હાથ તલવાર પર ગયો. મહારાજે ઈશારો કરી શાંત રહેવા સમજાવ્યું. ગઢવીની લાલ આંખ તરફ જોઈને મહારાજે કહ્યું : ''ગઢવી ! આ તો અમારી ઘોડી છે.''

ગઢવી કહે : ''ભલા ! આમ જૂઠાણું ચલાવ્યે ઘોડી તમારી થઈ જશે ? આ નોય તમારી, હું ઓળખું છું આ ઘોડીને...''

કાઠીઓ આ જીભાજોડીથી અકળાયા. એમને આવી લાંબી માથાકૂટ પસંદ ન હતી. આ બે બદામનો માણસ શું સમજીને ભગવાન શ્રીહરિને જૂઠા કહેતો હશે ? પણ મહારાજ તો શાંત હતા. મહારાજે પૂછ્યું : ''ગઢવી ! આ ઘોડી અમારી ન હોય તો કહો કે કોની છે ?''

ગઢવી કહે : ''વડતાલમાં મેં છત્ર,ચામર અને છડીદાર એવી અપરંપાર સાહેબી સાથે આ ઘોડી પર મેં સ્વામિનારાયણ ભગવાનને બેઠેલા જોયા છે, એટલે આ તેજીલી ઘોડી તો સ્વામિનારાયણની છે. તમે જરૂર હાથ મારી આવ્યા લાગો છો.''

કાઠીઓને આ સાંભળી **રમૂજ** થઈ. મહારાજ પણ મંદમંદ હસ્યા. આવી **રકઝક** ચાલતી હતી ત્યાં એક અસવાર આવ્યો અને ગઢવી સામું જોઈને કહે : ''અલ્યા ગઢવી ! આ ઘોડીએ બેઠા એ જ સ્વામિનારાયણ ભગવાન છે. ઓળખ્યા વિના તુત કાણું નાખે છે ?''

કરણો ગઢવી તો ડઘાઈ જ ગયો, તુરંત એણે ભગવાન શ્રીહરિના પગમાં પડી મહારાજની માફી માંગી : ''મહારાજ ! આપને હું ઓળખી ન શક્યો. મારાથી અવિનય થઈ ગયો, તો દયા કરીને માફ કરશો.''

ભગવાન શ્રીહરિ તેનો ભાવ જોઈ રાજી થયા. મહારાજને તે ન ઓળખી શક્યો પણ મહારાજની માણકી તો મહારાજ માટે જ હોય એવી તેની ભાવના જોઈ મહારાજે તેનો વાંસો થાબડ્યો અને કહ્યું : ''ગઢવી ! અમને તો ભલભલા નથી ઓળખી શક્યા. અમારી લીલામાં ભવબ્રહ્મા જેવા પણ ભૂલા પડી ગયા ત્યારે માણસ તો કોણમાત્ર ? પણ તમારો પક્ષ રાખવાનો સ્વભાવ જોઈને અમે તમને **અભયદાન** આપીએ છીએ.''

'કરી વિનતિ જોડી જુગ હાથ, તમને મેં ન ઓળખ્યા નાથ;
અતિ દુસ્તર છે તમ માયા, ભવ બ્રહ્મા જેવા ભરમાયા.
ત્યારે માણસ તે કોણ માત્ર, જે છે અલ્પમતિ તણું પાત્ર;
એવી વિનતિ સુણી ભગવાન, તેને આપ્યું અભય વરદાન.'

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

## ભગવાન શ્રીહરિએ માણકી ઘોડીને વાયુવેગે દોડાવી :

સં. ૧૮૮૨માં **શ્રીજીમહારાજ** વડતાલમાં કાર્તિકી પૂનમનો ઉત્સવ કરી **વડોદરા** પધાર્યા. વડોદરામાં ભગવાન શ્રીહરિની સયાજીરાવ સરકારે વડોદરાના રાજમાર્ગો પર ભવ્ય **શોભાયાત્રા** કાઢીને સન્માન કર્યું. પછી સયાજીરાવ સરકારે મહારાજનો હાથ પકડી રાજમહેલમાં **પધરામણી** કરાવી. મસ્તુબાગમાં મહારાજે વિદ્વાનો સાથે **શાસ્ત્રાર્થ** કર્યો તેમજ સયાજીરાવ સરકાર તથા ભક્તજનોને પોતાનું **અલૌકિક દર્શનનું સુખ** આપી વડોદરામાં ત્રણ દિવસ લાભ આપીને વિદાય લેવા ભગવાન શ્રીહરિ તૈયાર થયા. મહારાજ અહીંથી વિદાય લેવાના હતા એટલે સુવર્ણની અંબાડીથી શોભતો ગજરાજ મહારાજ સન્મુખ ઝૂક્યો. મહારાજ તેના ઉપર બિરાજમાન થયા. શ્રીહરિની સવારી ચાંપાનેરી દરવાજા પાસે થઈને ગોવર્ધનનાથજી મંદિર, તંબોળીવાડ, લક્કડ પીઠું, ખારવાવાડ, ડભોઈયા વાડી, સોની વાડી, કંસારા વાડી, કેવડાબાગ થઈ મસ્તુબાગમાં રાત્રિનિવાસ કર્યો. સવાર પડી ત્યારે મસ્તુબાગમાં શ્રીમંત સયાજીરાવ સરકાર તથા રાજ્યના અધિકારીઓ વગેરે ભક્તજનો પણ પ્રાતઃવિધિથી પરવારી મહારાજ પાસે આવી ગયા. તેઓ જાણતા હતા કે આજે મહારાજ વિદાય માગવાના છે. મહારાજે સરકારનો સત્કાર કરતાં કહ્યું : ''સરકાર ! આપે અહીં ત્રણ દિવસ સુધી અપાર લાભ લીધો અને પ્રજાજનોને પણ અપાવ્યો. હવે અમે આજે આપની વિદાય માગીએ છીએ.''

તે સાંભળી શ્રીમંત સરકારની આંખો ભીની થઈ ગઈ. તેમણે કહ્યું : ''મહારાજ ! ફરી એક માસ રહેવાય તેવી રીતે આપ પધારો, એવું વચન આપો તો મારા અંતરમાં શાંતિ થાય.''

મહારાજે તેમને કહ્યું : "ભગવાનની ઈચ્છા હશે તો એવો યોગ આવી જશે." પછી ભગવાન શ્રીહરિની વિદાય નિશ્ચિત હતી તેથી શ્રીમંત સરકારે પોતાની ચતુરંગી સેના તથા વાજાં, પડઘમ, ત્રંબાળું ઢોલ, તૂરી, રણશીંગા, રામ ઢોલ, શરણાઈ, ડંકા, નોબત તૈયાર જ રાખ્યાં હતાં. વડોદરાની જનતા પણ મહારાજના આ વિદાય દર્શન માટે મસ્તુબાગમાં આવવા લાગી. સમગ્ર મસ્તુબાગ ભાવિક જનતાથી ઉભરાવા લાગ્યો.

મહારાજ પોતાના તંબૂમાંથી તૈયાર થઈને નીકળ્યા. ગજરાજ ઝૂક્યો. સીડી મુકાણી અને મહારાજ ઉતાવળે ગજરાજ ઉપર ચડી સુવર્ણની અંબાડીમાં બિરાજી ગયા. પાછળ નારુપંત નાના મહારાજને ચામર ઢોળવા લાગ્યા. મહારાજે અંબાડી ઉપરથી ઈશારો કરીને નાજા જોગિયાને પાસે બોલાવ્યા અને તેમને સૂચના આપી કે, "છાણીમાં સવારીને વિદાય કરવાની છે. તે સમયે હાથી ઝૂકે કે તરત જ માણકી ઘોડી હાથ પાસે તૈયાર રાખજો." આટલું કહ્યું ત્યાં હાથી ઊભો થયો.

ભગવાન શ્રીહરિના હાથીની પાછળ બીજા હાથી ઉપર શુકાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી બેઠા હતા. તોપના અવાજ થયા, બંદૂકો ફૂટી, નોબત વાગી અને નિશાન-ડંકાના અવાજ સાથે પડઘમ વગેરે વાગવા લાગ્યા. ચતુરંગી સેનાની જે પ્રથમ સવારી નીકળી હતી, તે મુજબ જ આ સવારીની વ્યવસ્થા હતી. મહારાજના હાથીની સાથોસાથ મહારાજના પાર્ષદો પોતાના ઘોડાને રેવા ચાલમાં ચલાવતા સવારીની વ્યવસ્થામાં વિક્ષેપ ન થાય તે પ્રમાણે ચાલતા હતા.

શ્રીજીમહારાજની આ દિવ્ય શોભાયાત્રાના દર્શન કરવા હજારોની સંખ્યામાં ભાવિકો ઊમટ્યા હતા. શ્રીમંત સરકાર પોતાના અશ્વ ઉપર બેસી મહારાજની વિદાયના અશ્રુભીની આંખે દર્શન કરી રહ્યા હતા. સવારી આગળ ચાલવા લાગી. વડોદરા નગરની હદ છોડી અને મહારાજ વિદાય થયા. છાણી આવ્યું. મહારાજ વડોદરા પધાર્યા ત્યારે અહીંથી જ ગજરાજ ઉપર બિરાજ્યા હતા.

ભગવાન શ્રીહરિએ મહાવતને હાથી ઝુકાવવા કહ્યું. પછી તે મહાવત ભગવાન શ્રીહરિ સન્મુખ ઊંચું જોઈ, બે હાથ જોડી અતિ દીન વાણીથી બોલ્યો : "ખુદાવંદ ! મેં આપકે કદમોંકા ગરીબ ગુલામ હું, ઔર આપકી બંદગી કરુંગા, તો મુજે બી આપકે વો સબ ફિરસ્તે માફક ભિસ્તકમેં ભેજ દીજિયો."

ત્યારે ભગવાન શ્રીહરિએ પ્રસન્ન થઈને કહ્યું : "મહાવત ! તમે અમને આ દેખો છો તેવા નિરંતર સંભાર્યા કરજો. અને દારૂ, માટી, ચોરી તથા અવેરીનો ત્યાગ કરી અમારું **'સ્વામિનારાયણ'** નામ લઈ ભજન કર્યા કરજો; તેથી તમારું પણ આ સાધુ જેવું કલ્યાણ થશે, તથા તમારી ઈકોતેર પેઢીનો પણ ઉદ્ધાર થશે." એમ કહી પ્રસન્નપણે પોતાની કોટમાંથી હાર કાઢીને તે મહાવતના મસ્તક ઉપર નાંખ્યો. તેથી તે મહાવત અતિ રાજી થયો.

પછી હાથીને ઝુકાવ્યો. તરત જ નાજા જોગિયાએ **માણકી ઘોડી** હાથી પાસે લાવીને તૈયાર રાખી. આજુબાજુ પાર્ષદો પોતાના ઘોડા ઉપર મહારાજની માણકીને વીંટળાઈને ઊભા હતા. મહારાજ સીડીના ત્રીજા પગથિયા ઉપરથી જ છલાંગ મારી અને માણકી ઉપર બેસી ગયા ! માણકીના પેંગડામાં મહારાજે પગ મૂક્યો અને માર્ગ દેવા ઈશારો કર્યો. તરત જ સમુદ્ર માર્ગ આપે તે પ્રમાણે રસ્તો થઈ ગયો અને માણકી વાયુવેગે વાજોવાજ ઊપડી. જેમ આકાશમાંથી તારો ખરે કે જેમ તોપનો ગોળો છૂટે કે જેમ વીજળીનો ઝબકારો થઈ જાય તેમ અતિ વેગમાં માણકી ઘોડી સરરરર કરતી દોડી ગઈ. એમ જોતજોતામાં માણકી સવારીના સમૂહને અગોચર બની ગઈ ! મહારાજના છેલ્લા શબ્દો સંભળાયા : 'જય સ્વામિનારાયણ!'

તે થોડે છેટે સુધી તો ભગવાન શ્રીહરિના પાઘમાં ખોસેલા પુષ્પના તોરા ઊછળતા હતા અને શ્વેત અંગરખાની ચાળો બે તરફ વેગમાં ફરક ફરક થતી હતી. તેથી જાણીએ હંસ ઊડીને આકાશમાં જતો હોય એમ જણાયા અને પછી અદૃશ્ય થઈ ગયા.

સૌ કોઈ આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા ! ભગવાન શ્રીહરિના પાર્ષદોએ પણ પાછળ પોતાના ઘોડા દોડાવી મૂક્યા. કાઠી દરબારો પણ મારતે ઘોડે મહારાજને આંબી જવા ઉપડ્યાં !

તે સમયે સર્વે સંત, હરિભક્તો તથા દરબારી અને બીજા હજારો માણસો ઊંચી ડોકો અને લાંબી નજરો કરી શ્રીહરિ પધાર્યા, એમ જાણી ઉત્તર દિશા ભણી જોઈ રહ્યાં હતાં. અને ન દેખાયાં ત્યારે તે દિશા તરફ સર્વે જનો ધબોધબ પૃથ્વી ઉપર પડી સાષ્ટાંગ દંડવત-પ્રણામ કરવા મંડી પડ્યા. અને ભગવાન શ્રીહરિ તો મનવેગે છાણી ગામની **ભાગોળે** આમલીના વૃક્ષ તળે **માણકી** ઊભી રાખી, એક હાથે તે વૃક્ષની ડાળખી ઝાલીને પોતાના સખામંડળની વાટ જોતા હતા. તે જ્યારે આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે, "તમે સર્વે કેમ અમને વહેલા આવી મળ્યા નહીં ?" ત્યારે તેમાંથી નાંગમાલો બોલ્યા કે, "કૃપાનાથ ! તમને તો મોટા યોગી પુરુષોનું મન પહોંચતું નથી તો અમારા ઘોડા શી રીતે પહોંચે ?"

**વધુ લેખમાળા આવતા અંકે ક્રમશઃ**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી
તથા સાધુ ધર્મવલ્લભદાસજી








વડતાલ પ્રદેશના કલમ (તા.જી. ભરુચ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ
નૂતન શ્રીરામજી મંદિરમાં અર્ચાસ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.










સીમાડા-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા ભાગવતાચાર્ય શ્રી જીગ્નેશદાદાની ઉપસ્થિતિમાં ઉજવાયેલ
શ્રી સ્વામિનારાયણ મંદિરનો ચતુર્થ વાર્ષિક પાટોત્સવ-અભિષેક-અન્નકુટોત્સવ-શ્રીહરિયાગ






ગઢપુર પ્રદેશના ગણેશગઢ ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે યોજાયેલ શ્રી ભક્તચિંતામણી કથાપારાયણ.












ગઢપુર પ્રદેશના **મહુવા** શહેરને આંગણે ખારગેટ **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**માં બિરાજમાન **શ્રીહરિકૃષ્ણ મહારાજ શ્રીઘનશ્યામ મહારાજ-શ્રીલક્ષ્મીનારાયણ** આદિ દેવોનો સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ **વાર્ષિક પાટોત્સવ** તથા **સત્સંગ સભા**માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી.






શ્રીજીમંદિર-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી
પૂ.સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.

વાર્ષિક પાટોત્સવ
નાના માચીયાળા




ગઢપુર પ્રદેશના નાના માચીયાળા ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પૂ. શા. ઘનશ્યામવલ્લભદાસજીના વકતાપદે યોજાયેલ શ્રીશિક્ષાપત્રી ભાષ્ય કથાપારાયણ

૧૫ મો વાર્ષિક પાટોત્સવ
રાંદેર-સુરત






રાંદેર-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો પંચદશાબ્દિ મહોત્સવ તથા પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ.

વાર્ષિક પાટોત્સવ
વીકળીયા




ગઢપુર પ્રદેશના વીકળીયા ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.

## કથાપારાયણ
## જગન્નાથપુરી






તીર્થધામ જગન્નાથપુરીને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના પટાંગણમાં પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે યોજાયેલ શ્રી ભક્તચિંતામણી કથાપારાયણ.

## વાર્ષિક પાટોત્સવ
## બોટાદ





બોટાદ શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીરાધાકૃષ્ણ દેવનો વાર્ષિક પાટોત્સવ.





જૂનાગઢ પ્રદેશના છેલણા ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ પા. જનમંગલ ભગતના વક્તાપદે કથાપારાયણ.





દહિસર (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ.નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શ્રી જનમંગલ મહોત્સવ તથા પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથાપારાયણ.







ડોંબીવલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન બાળપ્રભુ શ્રીઘનશ્યામ મહારાજનો ૧૫મો વાર્ષિક પાટોત્સવ તથા શ્રી ભક્તચિંતામણી કથાપરાયણ.




વેરાવળ (સોમનાથ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી મંદિરના
૧૯મા પાટોત્સવ પ્રસંગે યોજાયેલ પા. જનમંગલ ભગતના વક્તાપદે કથાપારાયણ.




સીમાડા-સુરતને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા યોજાયેલ તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ તથા અભયદાન સત્સંગ સભા

## ૦ અષાઢ સુદ - ૧૨ (દ્વાદશી) પારણાં નિર્ણય

જય શ્રી સ્વામિનારાયણ સાથ જણાવવાનું કે, આપણાં કેટલાક મુખ્ય ધામોથી પ્રસિદ્ધ થતા નિર્ણયોમાં સંશોધકો દ્વારા પૂર્વસૂચન કર્યું હોવા છતાં પણ પ્રકાશકાદિકોની શરતચૂકને કારણે આગામી તા. ૧૩-૭-૨૦૧૯ અષાઢ સુદ - ૧૨ના દિને 'અનુરાધા નક્ષત્ર હોવાથી એકાદશીના પારણાં સાંજે ૪.૨૮ પછી કરવાં' એમ લખાયેલ છે. પરંતુ અનુરાધા નક્ષત્રનો **પ્રથમ પાદ** (૧/૩ ભાગ) એકાદશીને દિવસે રાત્રે ૧૨.૧૦ મિનિટે પૂરો થઈ જાય છે અને ત્યારપછી ૨૩ મિનિટ પછી (રાત્રિના ૧૨.૩૩ મિનિટ બાદ) બારસ શરૂ થાય છે. આ રીતે શ્રીસત્સંગિજીવન ગ્રંથની આજ્ઞાનુસાર જેમાં પારણાંનો નિષેધ છે એવું અનુરાધા નક્ષત્રનું **પ્રથમપાદ** ૧/૩ ભાગ અને **બારસ** તો ભેગા પણ નથી થતાં. માટે માત્ર સવારે **૬.૩૩** મિનિટ સુધી **હરિવાસર** (દ્વાદશીનો ૧/૪ ભાગ) છે તે **વીત્યા બાદ** પારણાં કરવાનું **વિધાન** શ્રીસત્સંગિજીવન મુજબ છે. માટે તેથી પારણાં સમયને આગળ વધારે લંબાવવાની જરૂર નથી. અર્થાત્ એ બારસે સવારે ૬.૩૩ પછી **પારણાં** કરવામાં કોઈ જ **બાધ** નથી.

## ૦ ભાદરવા સુદ - ૧૧/૧૨ નિર્ણય

અત્રે પણ કેટલાક મુખ્ય ધામોથી છપાયેલા **નિર્ણયો**માં દ્વાદશીને દિવસે 'મધ્યાહ્ને વામન જયંતીની આરતી બાદ **પારણાં** કરવા' એમ પૂર્વોક્ત મુજબ **શરતચૂક**થી જ લખાયેલું છે. પરંતુ શ્રીસત્સંગિજીવન પ્ર.૪ **અ.૫૬** શ્લો.નં. **૪૯/૫૦** મુજબ આપણાં શ્રીરઘુવીર વાડી વડતાલથી પ્રસિદ્ધ **'વ્રતોત્સવ નિર્ણય'**માં જે રીતે લખેલું છે, તદનુસાર તા. ૯-૯-૨૦૧૯ ભાદરવા સુદ - ૧૧ના દિવસે 'ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ આજે યથાશક્તિ **નકોરડો અથવા ફળાહારી જ ઉપવાસ** કરવો, અને ઠાકોરજીને જળ ઝિલાવવું વગેરે' આ એકાદશીના દિને જ કરવું.

અને તા. ૧૦-૯-૨૦૧૯ **ભાદરવા સુદ - ૧૨**ના દિને તો **'પાર્શ્વ પરિવર્તન** = ભગવાન પડખું ફેરવે છે' માટે દ્વાદશીને દિવસે તો **વામન જયંતી ઉત્સવ** સાથે **એકાદશી**નો પણ **મુખ્ય ઉપવાસ** નિરાહારી (નકોરડો) અથવા યથાશક્તિ નિર્જળા જ કરવાનો છે.

સંપાદક : સાધુ આનંદસ્વરૂપદાસજી - સરધાર




**૧ યુવામંચ ૧ બાળમંચ અને ૧૦ ઉતારાવિભાગ મળીને કુલ ૧૨ વિશાળ ડોમનું સુંદર દૃશ્ય**






**તીર્થધામ સરધાર**ને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી પ.પૂ. ૧૦૮ **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ **૧૫મો શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ** (તા. ૧૭ થી ૨૧-૫-૨૦૧૯)














શિકાગો(અમેરિકા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** દ્વારા પ્રતિષ્ઠિત **વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિર**નો પ.પૂ. ૧૦૮ **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ **‘૨૮મો વાર્ષિક પાટોત્સવ’** તથા **‘શ્રીભક્ત ચિંતામણી કથાપારાયણ’**(તા. ૧૯ થી ૨૫-૫-૨૦૧૯)














ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન શહેરને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી ૮ એકર જગ્યા પર **નવનિર્માણ વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર**ના ઉપલક્ષમાં પ.પૂ. ૧૦૮ **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે યોજાયેલ **‘પંચદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ’** (તા. ૨૯ થી ૨-૬-૨૦૧૯)











૧૫ મો બાળયુવા મહોત્સવ
તીર્થધામ સરધાર















હિન્દુ ધર્મ તેમજ દેશ માટે બાળ-યુવાધનને સાચવવું અને તેને સાચો રાહ બતાવી સદ્ધર્મને માર્ગે વાળવા માટે... બાળકો અને યુવાનોને જીવનનો એક અજોડ રાહ મળે અને જીવનમાં એક નવો જ ઉત્સાહ પ્રગટ થાય તે માટે... બાળકો અને યુવાનોને સુસંસ્કારી બનાવવા અને પોતાના પરિવાર અને ઘરને મંદિરસ્વરૂપી બનાવવા માટે **તીર્થધામ સરધાર**ને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી પ.પૂ. ૧૦૮ **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **તા. ૧૭ થી ૨૧-૫-૨૦૧૯** સુધી પંદરમા **શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ**નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો અને યુવાનો દ્વારા પ્રેરણાત્મક પ્રવચનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવચન સ્પર્ધા, કીર્તન સ્પર્ધા, રમતગમત સ્પર્ધા વગેરે કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.














## ૧૫ મો બાળયુવા મહોત્સવ
## તીર્થધામ સરધાર














**તીર્થધામ સરધાર**ને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી પ.પૂ. ૧૦૮ **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ **૧૫મો શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ** (તા. ૧૭ થી ૨૧-૫-૨૦૧૯)

૧. શોભાયાત્રા ૨. મહોત્સવ દીપ પ્રાગટ્ય. ૩. સભામંચ. ૪. ભાગવતાચાર્ય પૂ. શ્રી જીગ્નેશદાદાનું સ્વાગત કરતા પૂ. સ્વામી. ૫. ઉદ્યોગપતિ શ્રી સવજીભાઈ ધોળકીયાને ભગવાન શ્રીહરિનું સ્વરૂપ અર્પણ કરતા પૂ. સ્વામી. ૬. બાળમંચ. ૭-૮. ગુજરાતના સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર શ્રી રાજભા ગઢવી. ૯. રક્તદાન કેમ્પ. ૧૦. મહોત્સવમાં ઉપસ્થિત કેબીનેટમંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્ય શ્રી લાખાભાઈ સાગઠીયા, લોધીકા સંઘ ચેરમેન શ્રી નીતીનભાઈ ઢાંકેચા, રાજકીય અગ્રણી શ્રી ચેતનભાઈ રામાણી. ૧૧. સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રૈયાણી. ૧૨. મહોત્સવ દરમ્યાન નિત્ય શેરડીરસનું પાન કરતા બાળકો-યુવાનો.

Swaminarayan Chintan, June-2019, RNI NO.GUJGUJ-2013/47868, Postal Registration No-Rajkot/624/2019-21 Valid Up To 31/12/2021
Posted At Rajkot RMS On 20th Of Every Month, W.p.p No-G-PMG-RJT/018/2019,Valid Up To 31/12/2021

## ૧૫ મો બાળયુવા મહોત્સવ
## તીર્થધામ સરધાર











તીર્થધામ સરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ ૧૫મો શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ (તા. ૧૭ થી ૨૧-૫-૨૦૧૯)

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007